# 13 CONCORD (કર્તા-ક્રિયાપદ સંબંધ)

Concord means agreement, harmony, concord, in English Grammer, simply means Subject - Verb Agreement.

Subject - Verb Agreement means the agreement of the verb with the subject in Number and Person. In other words, the verb must agree with the subject in Number and Person.

Subject - Verb Agreement એટલે ક્રિયાપદનું કર્તા સાથેનું વચન (એ. વ. તથા બ. વ.) અને પુરૂષ (પહેલો પુરુષ, બીજો પુરુષ, ત્રીજો પુરુષ) ની દષ્ટિએ સમાયોજન. બીજા શબ્દોમાં કહીએ તો Subject Verb Agreement એટલે વાકયમાં રહેલ Verb Form (ક્રિયાપદનું રૂપ) તેના Subject (કર્તા) ના વચન તથા પુરુષ અનુસાર હોવું તે.

**Examples : A :**

Raj **work** hard.
Tina and Mina **is** friends.
Aman **have** nice toys.
When I saw him, he **were** eating biscuits.

**Examples : B :**

Raj **works** hard.
Tina and Mina **are** friends.
Aman **has** nice toys.
When I saw him, he **was** eating biscuits.

A વિભાગમાં આપેલાં ઉદાહરણો ખોટાં છે કારણ કે ક્રિયાપદો work, is, have તથા were તેઓના કર્તાઓ અનુક્રમે Raj, Tina and Mina, Aman તથા he ને વચન તથા પુરુષની દષ્ટિએ અનુસરતા નથી. B વિભાગમાં આપેલા ઉદાહરણો સાચાં છે જેઓનો તુલનાત્મક અભ્યાસ આ મુદ્દાની પ્રાથમિક સમજણ માટે ઉપયોગી બની રહે છે.

વાકયમાં Subject - Verb Agreement જળવાઈ રહે એ માટે નીચે આપેલ બાબતોનો ખ્યાલ હોવો જરૂરી બને છે.

(1) To be નાં વર્તમાનનાં રૂપ, am, is, are છે. I સાથે am, he, she, it સાથે is તથા we, you, they સાથે are વપરાય

I **am** a dancer.
We **are** students.
He (Ram/Mona/Hari) **is** a painter.
They (Ram and Shyam) **are** clever.

(2) To be નાં ભૂતકાળનાં રૂપ, was, were છે. I, he, she, it સાથે was તથા you, they સાથે were વપરાય છે.

Yesterday, I **was** at Baroda
She (Sheela/Leela) **was** my friend.
It (Dus/Razz) **was** a nice movie.
They (Sujata, Hari and Minu) **were** playing.

(3) To Have નાં વર્તમાનનાં રૂપો, have, has છે. I, We, You, They સાથે તથા He, She, It સાથે has વપરાય છે. (ભૂતકાળનું રૂપ એકમાત્ર had હોવાથી તે sub. સાથે તે વપરાય છે.)

It (table) **has** four legs.
He (Jay) **has** a luxurious flat.
We **have** our own farm.
They (My friends) **have** their own factories.

(4) To Do નાં વર્તમાનનાં રૂપો, do, does છે. I, We, You, They સાથે do તથા He, She, It સાથે does વપરાય છે. (ભૂતકાળનું રૂપ એકમાત્ર did હોવાથી તે ગમે તે સાથે વપરાય છે.)

**Do** you know French?
They **don't** know how to use a mobile phone.
**Does** he sing sweetly?
She **doesn't** cook nicely.

(5) સાદા વર્તમાનકાળમાં જયારે કર્તા ત્રીજા પુરુષ એકવચનનો હોય ત્યારે ક્રિયાપદને es જોડવામાં આવે છે. (અન્યથા મુખ્ય ક્રિયાપદોનું મૂળરૂપ જ વપરાય છે.)

Janki seldom **comes** here.
He **works** here only.
This road **leads** you to Mumbai.
Jiten Sir **teaches** English.

(6) જયારે બે કર્તા and વડે જોડાય ત્યારે ક્રિયાપદનું બહુવચન વપરાય છે.

Jay and Veeru **are** friends.
An auther and an actor **have** just come.
Reading and writing **are** my favourite hobbies.
Jiah and I **are** great friends.

(7) જયારે એકવચનનાં and વડે જોડાયેલાં બે નામ એક જ વસ્તુ કે વ્યકિતનો નિર્દેશ કરે ત્યારે ક્રિયાપદ એકવચનનું વપરાય છે. આ સંજોગોમાં માત્ર પહેલાં નામ આગળ જ કોઈ Article (a, an, the) કે Possessive (my, our... etc.) વપરાયેલું હોય છે.

My teacher and elder friend always **guides** me.
A good person and neighbour **has** passed away.
The accountant and cashier **is** absent.
A great actor and superstar **is** going to perform today.

(8) જયારે બે કર્તા સાથે મળીને કોઈ એક જ વિચાર રજૂ કરે ત્યારે ક્રિયાપદ એકવચનનું હોઈ શકે.

Slow and steady **wins** the race.
Time and tide **waits** for none.

(9) જયારે એકવચનમાં બે કે વધુ કર્તાઓ આગળ Each કે Every હોય ત્યારે ક્રિયાપદ એકવચનનું વપરાય છે.

Each girl and boy **wants** to go to picnic.
Every man and woman **has** something to say.
Every man, woman and child **was** happy.

(10) જયારે બે કે વધુ કર્તા or, nor, either... or કે neither... nor વડે જોડાયેલાં હોય ત્યારે ક્રિયાપદ નજીકના કર્તાને અનુસરે છે.

Neither I nor Smruti **has** taken your note-book.
Neither Payal nor her parents **were** there.
Either you or I **am** at fault.
Either Ravi or his friends **have** done it.

(11) each, every, one, either, neither, no one, none જેવા શબ્દો બાદ of અને ત્યારબાદ બહુવચનનું નામ હોય તો પણ ક્રિયાપદ એકવચનનું વપરાય છે. (Many a થી શરૂ થતા વાકયમાં પણ ક્રિયાપદ એકવચનનું વપરાય છે.)

None of my friends **lives** near my house.
One of us **has** to do it.
Either of these books **is** mine.
Many a bird **was** killed.

(12) બે કે તેથી વધુ કર્તા જયારે with, together with, along with, in addition કે as well as વડે જોડાયેલા હોય ત્યારે ક્રિયાપદ પહેલા કર્તાને અનુસરે છે.

TTC An Institute For Competitive Exam SINCE - 2010

Mona with her friends **is** coming here next month.
The officer along with all the clerks **is** on strike.
All the students as well as the teacher **have** gone there.
She in addition to her family members **has** left the city.

(13) જયારે બહુવચનનું કોઈ નામ, અંતર, વજન, ઊંચાઈ કે રકમનો એક એકમ, સમગ્રતયા ઉલ્લેખ કરે ત્યારે ક્રિયાપદ એકવચનનું વપરાય છે.

Thirty thousand rupees **is** a big salary.
Five thousand metres **is** a big height to climb.

(14) જયારે વાકયમાં રહેલ કર્તા સંબંધક સર્વનામ હોય ત્યારે ક્રિયાપદ જે તે સંબંધક સાથે (who, that) પહેલા આવતા કર્તાને અનુસરે છે.

I, who **am** your brother, **am** telling you this.
You, who **are** my friend, must help me.
These toys, which **have** been bought yesterday, are not good.

(15) સામાન્ય રીતે કોઈ Collective Noun (સમૂહવાચક નામ) જયારે એક એકમ વપરાય ત્યારે ક્રિયાપદ એકવચનનું અને જયારે તે Collective Noun જેનું બનેલું છે તેના અલગ-અલગ ઘટકો તરીકે વિચારવામાં આવે ત્યારે ક્રિયાપદ બહુવચનમાં વપરાય છે.

The committee **was** agreed on that point.
The committee **were** divided on that point.

(16) જયારે કર્તા A number of - શબ્દસમૂહથી શરૂ થાય ત્યારે ક્રિયાપદ બહુવચનનું વપરાય છે અને જયારે કર્તા The number of - શબ્દસમૂહથી શરૂ થાય ત્યારે ક્રિયાપદ એકવચનનું વપરાય છે. (a number of – ઘણાં પુષ્કળ – the number of – આંકડો)

A number of computer courses **are** introduced.
The number of computer couse **is** big.
A number of toys **were** brought for Tanu.
The number of toys **doesn't** please him.

(17) A lot of, a gread deal of, some of, most of, pleanty of જેવા શબ્દસમૂહો પછી જો કર્તા જથ્થો દર્શાવે તો ક્રિયાપદ એકવચનનું અને સંખ્યા દર્શાવે તો ક્રિયાપદ બહુવચનનું વપરાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આ શબ્દસમૂહો બાદ આવતું Noun જો uncountable (ન ગણી શકાય તેવું) હોય તો ક્રિયાપદ એકવચનનું અને Noun જો Countable (ગણી શકાય તેવું) હોય તવ ક્રિયાપદ બહુવચનનું વપરાય છે.

A lot of students **have** attended the seminar.
A lot of water **is** wasted.
Plenty of books **are** available on life.
Plenty of wealth **doesn't** necessarily please us.

(18) There તથા Here થી શરૂ થતા વાકયોમાં ક્રિયાપદ તેના પછી આવતા કર્તાને અનુસરે છે.

There **is** your pen.
There **are** many students in the class.
Here **comes** your Grandmother.
Here **are** the things you want.

(19) પુસ્તકો, ફિલ્મો, હોટલો, દેશો વગેરેનાં ઘણાં નામો બહુવચનનાં નામ હોય તેવું પ્રતિત થાય છે. પરંતુ તેઓ જયારે એક જ એકમનો નિર્દેશ કરે ત્યારે ક્રિયાપદ એકવચનનું વપરાય છે.

'100 Days' **was** a suspense movie.
The United States **is** an advanced country.

(20) news, innings, statistics જેવાં નામ બહુવચનનાં લાગે છે પરંતુ છે એકવચનનાં, તેનાથી ઊલટું cattle, children, feet, media જેવાં નામ એકવચનનાં લાગે છે, પરંતુ છે બહુવચનનાં. આમ, આ પ્રકારના કર્તાઓ માટે ક્રિયાપદ યોગ્ય વચનનું વપરાય છે.

Politics **doesn't** attract me.
The cattle **are** grazing in the field.

## ANTONYMS WITH PREFIX-1

| Prefix | Principle word | Opposite word |
|---|---|---|
| Mis- | conduct | Misconduct |
| | fortune | Misfortune |
| | interpret | Misinterpret |
| | lead | Mislead |
| | happening | Mishappening |
| | use | Misuse |
| | understand | Misunderstand |
| | adventure | Misadventure |
| | appropriate | Misappropriate |
| | behave | Misbehave |
| | call | Miscall |
| | calculate | Miscalculate |
| | chief | Mischief |
| | take | Mistake |
| | trust | Mistrust |

## ANTONYMS WITH PREFIX-2

| Prefix | Principle word | Opposite word |
|---|---|---|
| Non- | sense | Nonsense |
| | stop | Nonstop |
| | violence | Nonviolence |
| | natural | Nonnatural |
| | metal | Nonmetal |
| | linear | Nonlinear |
| | member | Nonmember |
| | native | Nonnative |
| | profit | Nonprofit |
| Im- | balance | imbalance |
| | measurable | immeasurable |
| | mortal | immortal |
| | mobile | immobile |
| | partial | impartial |
| | patient | impatient |
| | possible | impossible |
| | pure | Impure |

# 8 MODAL AUXILIARY VERBS (વિકલ સહાયકો)

**વ્યાખ્યા:** જે સહાયક ક્રિયાપદોનો સ્વતંત્ર ઉપયોગ ન હોય તથા જેનો સ્વતંત્ર અર્થ ન હોવ તેવા સહાયકોને Modal Auxiliary કહે છે.

**યાદરાખો:** MAV (Modal Auxiliary Verb) ની સાથે હંમેશા ક્રિયાપદનું To વગરનું જ રૂપ વપરાય છે.

**Sentence Structure (વાક્ય રચનાઓ)**

1. હકાર :- કર્તા + MAV + V1 + કર્મ....
2. નકાર :- કર્તા + MAV + not + V1 + કર્મ....
3. પ્રશ્નાર્થ:- MAV + કર્તા + V1 + કર્મ ...?
4. 'Wh' પ્રશ્નાર્થ : Wh + MAV + કર્તા + કર્મ ....?
   Who + MAV + V1 + કર્મ ...?

## (1) MAY :

**(A)** 'Permission' (પરવાનગી) માંગવા કે આપવા માટે. જેમકે,

1. **May** I go now, Sir?
   શું હું જઈ શકું સાહેબ?
2. **May** we play here?
   શું અમે અહી રમીએ?
3. **May** Geeta stay with me, uncle?
   શું ગીતા મારી સાથે રહી શકે?

**(B)** 'Possibility' (સંભાવના / શકયતા) દર્શાવવા માટે. જેમકે,

1. You are lazy, so you **may** fail.
   તમે આળસુ છો તેથી તમે કદાચ નાપાસ થાઓ.
2. The sky is cloudy, It **may** rain today.
   આકાશ વાદળછાયું છે, આજે કદાચ વરસાદ આવે.
3. Mohan does not play care fully.
   He **may** not be selected the next time.
   મોહન ધ્યાનપૂર્વક રમતો નથી તે કદાચ આવતી વખતે પસંદગી ન પામે.
   (નોંધ : આ વાક્યો પ્રશ્નાર્થ હોતા નથી)

**(C)** 'Wish' (ઇચ્છા) Prayer (પ્રાર્થના) અથવા Curse (શ્રાપ) દર્શાવવા માટે, જેમકે,

1. **May** you live long. (ઇચ્છા)
   તમે લાંબુ જીવો.
2. **May** God bless you. (પ્રાર્થના)
   ઈશ્વરના આર્શીવાદ તમારા પર રહે.
3. **May** you not achieve your goal. (શ્રાપ)
   તમને તમારું ધ્યેય ન મળે.

## (2) CAN :

**(A)** 'Permission' (પરવાનગી) માંગવા કે આપવા માટે, જેમકે,

1. **Can** I enter the office,Sir?
   શું હું ઓફિસમાં આવી શકું, સાહેબ?
2. You **can** not enter my office.
   તમે મારી ઓફિસમાં પ્રવેશી ન શકો.
3. **Can** I have more ice-cream?
   શું હું વધારે આઈસ્ક્રિમ લઈ શકું?

**(B)** 'Ability' (ક્ષમતા/શકિત/આવડત/કૌશલ્ય) દર્શાવવા માટે. જેમકે,

1. A deer **can** run fast.
   હરણ ઝડપી દોડી શકે છે.
2. Man **cannot** live in water.
   માણસ પાણીમાં જીવી શકતો નથી.
3. **Can** we count the stars?
   શું આપણે તારાઓ ગણી શકીએ?

(નોંધ:Can વર્તમાનકાળમાં વપરાય છે. તથા 'શકવું' અર્થ થાય છે.)

## 3) MIGHT :

'Possibility' (સંભવિતતા) દર્શાવવા માટે.

1. The doctor was experienced. He **might** save the patient.
   દાકતર અનુભવી હતા. તે કદાચ દર્દીને બચાવી શકત.
2. Gopal **might** pass because he was clever.
   ગોપાલ કદાચ પાસ થઈ શકત કારણકે તે હોશિયાર હતો.
3. The sky was cloudy. It might rain yesterday.
   આકાશ વાદળછાયું હતું, ગઈકાલે કદાચ વરસાદ આવી શકત.

(નોંધ:Might ભૂતકાળદર્શક વાકયમાં જ વપરાય છે.)

## (4) COULD :

**(A)** 'Ability' (યોગ્યતા/લાયકાત/કૌશલ્ય) દર્શાવવા માટે, જેમકે,

1. The batsman **could** complete his century in the last match.
   બલ્લેબાજ અંતિમ મેચમાં તેનું શતક પૂરું કરી શકયો હોત.
2. Pooja **couldn't** climb the mountain because her feet were injured.
   પૂજા પર્વત ચડી શકી ન હતી કારણકે તેના પગમાં ઈજા થઈ હતી.
3. **Could** your friend get the tickets last time?
   શું તારો મિત્ર ગયા વખતે ટિકિટ મેળવી શકયો હતો?
   (નોંધ:Could ભૂતકાળના વાકયમાં જ વપરાય છે.)

**(B)** 'Polite Request' (નમ્ર વિનંતી) દર્શાવવા માટે, જેમકે,

1. **Could** you please help me?
   શું તમે મને મદદ કરશો?
2. **Could** you bring me cold water?
   શું તમે મને ઠંડુ પાણી લાવી દેશો?
3. **Could** you keep silence, boys?
   છોકરાઓ, તમે શાંતિ રાખી શકશો?
   (નોંધ : નમ્ર વિનંતી વાળુ વાક્ય Could you થી જ શરૂ થાય છે.)

An Institute For Competitive Exam TTC SINCE - 2010

**(5) SHOULD :**

**(A)** નૈતિક ફરજ (Moral obligation) દર્શાવવા માટે. જેમકે,

1. We **should** respect elders.
   આપણે વડીલોને આદર આપવો જોઈએ.
2. We **should** help the poor.
   આપણે ગરીબોને મદદ કરવી જોઈએ.
3. Children **should** sleep early.
   બાળકોએ વહેલું સૂઈ જવું જોઈએ.

**(B)** સલાહ (Advice) માંગવા કે આપવા માટે. જેમકે,

1. Pupils **should** do their work regularly.
   વિદ્યાર્થીઓએ તેઓના કાર્યો નિયમિત કરવાં જોઈએ.
2. You **should** not waste your precious time.
   તમારે તમારો કિંમતી સમય ન બગાડવો જોઈએ.
3. Sir, how many hours **should** I read daily?
   મારે દરરોજ કેટલી કલાક વાંચવું જોઈએ?

**(C)** વર્તનની યોગ્યતા દર્શાવવા માટે. જેમકે,

1. You **should** keep your surroundings clean.
   તમારે તમારી આજુ-બાજુના સ્થળો સ્વચ્છ રાખવા જોઈએ.
2. We **should** not throw rubbish everywhere.
   આપણે જયાં-ત્યાં કચરો ન ફેંકવો જોઈએ.

**(D)** જરૂરીયાત (Necessity) દર્શાવવા માટે. જેમકે,

1. I **should** take exercises to keep fit.
   મારે તંદુરસ્ત રહેવા કસરત કરવી જોઈએ.
2. You **should** consult an eye specialist.
   તારે આંખના ડોકટરની સલાહ લેવી જોઈએ.

(યાદરાખો : should દ્વારા કંઇક કરવું જોઇએ અથવા ન કરવું જોઇએ એવો ભાવ વ્યકત થાય છે. should ભૂતકાળમાં વપરાતુ નથી)

**(6) MUST :**

**(A)** અનિવાર્ય ફરજ દર્શાવવા માટે. જેમકે,

1. We **must** pay our taxes.
   આપણે આપણા કર ભરવા જ જોઈએ.
2. We **must** drive to the left side.
   આપણે ડાબી બાજુએ જ વાહન ચલાવવું જોઈએ.

**(B)** ફરજીયાત ક્રિયા દર્શાવવા માટે. જેમકે,

1. We **must** obey the government rules.
   આપણે સરકારના નિયમોને અનુસરવા જ જોઈએ.
2. You **must** respect the National flag.
   આપણે રાષ્ટ્રધ્વજને આદર આપવો જ જોઈએ.

**(C)** ભાર પૂર્વક સલાહ દર્શાવવા માટે. જેમકે,

1. You have diabetis so you **must** avoid sweets.
   તમને મધુપ્રમેહ છે તેથી તમારે મીઠાઈઓ અવગણવી જ જોઈએ.
2. The room is full of gas. You **must** not burn a match stick.
   રૂમ ગેસથી ભરેલો છે તમારે દિવાસળી ન જ સળગાવવી જોઈએ.

**(D)** દૃઢ નિશ્ચય બતાવવા માટે. જેમકે,

1. I **must** try hard to achieve my goal.
   મારે મારા ધ્યેય પ્રાપ્ત કરવા કઠીન પ્રયાસ કરવો જ જોઈએ.
2. I **must** help that injured man.
   મારે તે ઈજાગ્રસ્ત માણસની મદદ કરવી જ જોઈએ.

**(E)** સચોટ અનુમાન દર્શાવવા માટે. જેમકે,

1. Smoke is coming out of that building. There **must** be fire.
   પેલી ઈમારતમાંથી ધુમાડો બહાર આવી રહ્યો છે, ત્યાં આગ લાગેલી હોવી જ જોઈએ.
2. The light is on. There **must** be someone in that room.
   લાઈટ ચાલુ છે. રૂમમાં કોઈક હોવું જ જોઈએ.

**(F)** આદેશ અથવા હુકમ દર્શાવવા માટે. જેમકે,

1. The principal ordered the pupils that they **must** come in uniform.
   આચાર્યે વિદ્યાર્થીઓને હુકમ કર્યો કે તેઓએ ગણવેશમાં આવવું જ પડશે.
2. The master said to the servant you **must**sweep all the rooms properly.
   માલીકે નોકરને કહ્યું કે તેણે બધા જ રૂમ સરખી રીતે વાળવા જ પડશે.

**(G)** ચેતવણી અથવા ધમકી દર્શાવવા માટે, જેમકે,

1. You **must** keep away from that mad man.
   તમારે તે ગાંડા માણસથી દૂર રહેવું જ જોઈએ.
2. Children **must** not jump into the deep water.
   બાળકોએ ઊંડા પાણીમાં કૂદવું ન જોઈએ.

(યાદરાખો : કોઇક કાર્ય કરવું જ જોઇએ તે અર્થ માટે Must વપરાય છે.)

**(7) HAVE TO / HAS TO / HAD TO :**

કોઇક ક્રિયા કરવા માટે બહારની પરિસ્થિતીનું દબાણ હોય ત્યારે **Have to** વાળી રચના વપરાય છે. **Have to** રચના ત્રણેય કાળમાં વપરાય છે.

**(A)** વર્તમાનકાળ : **Have to**અથવા **Has to**

**(B)** ભૂતકાળ : **Had to**

**(C)** ભવિષ્યકાળ : **Shall have to** અથવા **Will have to**

જેમકે,

1. It is late. I **have to** go now.
   મોડું થઇ ગયું. મારે અત્યારે જવું પડશે.
2. The tourists **had to** go on foot because the vehicles were not available.
   પ્રવાસીઓ પગપાળા જવું પડયું હતું કારણકે વાહનો ઉપલબ્ધ ન હતા.
3. My bike has no petrol.I **shall have to** walk withyou.
   મારા બાઈકમાં પેટ્રોલ નથી મારે તારી સાથે ચાલવું પડશે.
4. Tomorrow all of you **will have to** come in uniform.
   આવતી કાલે તમારે બધાએ ગણવેશમાં આવવું પડશે.
5. Shilpa is poor so she **has to** earn money.
   શિલ્પા ગરીબ છે તેથી તેણે પૈસા કમાવવા પડશે.
6. Yesterday I **had to** remain at home because it was curfew in the town.

Academy For Competitive Exam TTC SINCE - 2010

ગઈકાલે મારે ઘરે રહેવું પડયું હતું કારણ કે શહેરમાં કર્ફ્યુ હતો.
(નોંધ : વાકયનો કાળ ઓળખીને જ Have to નું રૂપ મૂકવું)

**◈ નકારવાકયો:**

**(A)** વર્તમાનકાળ : don't have to / doesn't have to
**(B)** ભૂતકાળ : didn't have to
**(C)** ભવિષ્યકાળ: Shall not have to અથવા Will not have to

1. Radha is rich so she **doesn't have to** work to earn money.
   રાધા ખૂબ શ્રીમંત છે તેથી તેને પૈસા કમાવવા કામ કરવું પડતું નથી.
2. The doctor was free that day. I **didn't have to** wait for my turn.
   ડોકટરને તે દિવસે ફુરસદ હતી. મારે મારા ક્રમની રાહ જોવી પડી ન હતી
3. There will be a lot of food at the place. You **will not have to** go hungry.
   સેમિનારમાં હાજર રહેવાની કોઈ ફી નથી તમારે કાંઈ પૈસા ચૂકવવા પડશે નહીં.

**◈ પ્રશ્નાર્થવાકયો:**

**(A)** વર્તમાનકાળ : Do/Does + કર્તા + HAVE TO
**(B)** ભૂતકાળ : Did + કર્તા + have to
**(C)** ભવિષ્યકાળ : Shall / Will + કર્તા + have to

1. **Do** you **have to** do your household work your self?
   શું તારે તારા ઘરનું કામ તારે જાતે કરવું પડે છે?
2. **Does** Hiren **have to** meet the doctor every month?
   શું હિરેને ડોકટરને દર મહિને મળવું પડે છે?
3. **Did** you **have to** sleep in the terrace last night?
   શું તમારે ગઈકાલે રાત્રે અગાશી પર સૂવું પડ્યું હતું?
4. **Shall** I **have to** go there again tomorrow?
   શું મારે આવતી કાલે ફરીવાર ત્યાં જવું પડશે?

## (8) WOULD :

**(A)** 'Will' ના ભૂતકાળ તરીકે ભૂતકાળ દર્શક વાકયમાં જેમકે,

1. Riddhi said that she **would** get a good marks the next time.
   રિદ્ધિએ કહ્યું હતું કે તે આવતી વખતે સારો ગુણ મેળવશે.
2. The teacher asked me when **I would** show my books.
   શિક્ષકે મને પૂછ્યું હતું કે હું ક્યારે મારી નોંધપોથીઓ બતાવીશ.
   (નોંધ : મુખ્ય ક્રિયાપદ said, asked ભૂતકાળમાં જ હોય છે.)

**(B)** નમ્રવિનંતી (Polite Request) દર્શાવવા માટે, જેમકે,

1. **Would** you help me to solve this puzzle, please?
   શું તમે મને આ કોયડો ઉકેલવામાં મદદ કરશો?
2. **Would** you please stop fighting now?
   શું હવે તમે ઝઘડવાનું બંધ કરશો?
   (નોંધ : રચના પ્રશ્નાર્થ જ હોય છે તથા Would સાથે You વપરાય છે.)

**(C)** પસંદગી / નાપસંદગી દર્શાવવા માટે, જેમકે,

1. Hiren **would** join science stream instead of commerce stream.
   હિરેન વાણિજય પ્રવાહને બદલે વિજ્ઞાન પ્રવાહમાં જોડાશે.
2. We **would** visit Goa not Diu.
   અમે ગોવાની મુલાકાત લેશું નહી કે દીવની.

**(D)** ઇચ્છા / અનિચ્છા દર્શાવવા માટે, જેમકે,

1. I **would** like to help my poor class-mates.
   હું મારા ગરીબ સહપાઠીઓને મદદ કરવા ઈચ્છીશ.
2. Mansi likes movies so she **would** like to see a movie with us.
   માનસીને ફિલ્મો ગમે છે તેથી તેણી આપણી સાથે ફિલ્મ જોવાનું પસંદ કરશે.

## PERFECT MODAL AUXILIARY VERBS

COULD, WOULD, MIGHT, SHOULD અને MUST સાથે Have તથા ક્રિયાપદનું ભૂતકૃદંત રૂપ વાપરી ''આમ થઈ શકયુ હોત'' જેવો ભાવ દર્શાવાય છે. અહીં કાળની શૃંખલા રચાય છે. જેમાં એક વાકય પૂર્ણ ભૂતકાળનું બને છે.

**(1) COULD:**
''જો આમ કર્યું હોત ... તો આમ કરી શકાયુ હોત''. જેવો ભાવ દર્શાવે છે.
If you had tried, you could have passed the exam.
''અહીં ક્ષમતા હતી'' નો ભાવ દર્શાવાય છે.

**(2) MIGHT:**
''જો આમ કર્યું હોત ... તો કદાચ આમ થઈ શકયુ હોત''. જેવો ભાવ દર્શાવે છે.
He had worked hard so he might have cleared the test.
''અહીં કદાચ આમ થયુ હોત'' નો ભાવ દર્શાવાય છે.

**(3) WOULD:**
''ઈચ્છા કે તૈયારી''. નો ભાવ દર્શાવાય છે.
If you had called me, I would have come to meet you.

**(4) SHOULD:**
અહીં ભૂતકાળની સલાહનો ભાવ દર્શાવાય છે.
You should have informed me earlier.
(તારે મને પહેલા જણાવવુ જોઈતુ હતું.)

**(5) MUST:**
''આમ કરવું જ જોઈતું હતું''. નો ભાવ દર્શાવે છે.
You must have asked me before calling the General Manager

A Institute For Competitive Exam TTC SINCE - 2010

# 6 PREPOSITIONS (નામયોગી અવ્યયો)

કોઇપણ નામ અથવા સર્વનામની આગળ વપરાતા તથા બે નામ અથવા સર્વનામ સાથે સંબંધિત શબ્દને Preposition કહે છે.

## Preposition ના પ્રકારો

1. **Prepositions of Time (સમયદર્શક)**
2. **Prepositions of Place (સ્થાનદર્શક)**
3. **Prepositions of Position (સ્થિતિદર્શક)**
4. **Prepositions of Movement (ગતિદર્શક)**

## 1. Prepositions of Time (સમયદર્શક) :

### ◈ AT:

At નો ઉપયોગ ચોક્કસ સમય દર્શાવવા થાય છે.

(1) Priya will be there **at** 5 pm.
(2) My friends came here **at** night.
(3) They will get married **at** the beginning of the marriage season.

### ◈ IN: માં

**(A)** In નો ઉપયોગ દિવસ, મહિનો, ઋતુ કે વર્ષનો અચોક્કસ સમય દર્શાવવા થાય છે.

(1) I went there **in** the afternoon.
(2) They will complete their project **in** the second half of this month.
(3) Sachin was born **in** April.
(4) There is no cold **in** winter season in Gujarat.

**(B)** In નો ઉપયોગ ચોક્કસ સમયગાળો દર્શાવવા પણ થાય છે.

(1) Wait, I am coming back **in** an hour.
(2) He will finish it **in** a couple of days.

### ◈ ON: પર

**(A)** On નો ઉપયોગ ચોક્કસ દિવસો કે એક દિવસીય તહેવારો દર્શાવવા થાય છે.

(1) I will meet you **on** Monday.
(2) I will invite her **on** my birthday.
(3) He will come **on** 3rd of June.

**(B)** જ્યારે every, next, last જેવા વિશેષણો કે today, yesterday, tomorrow જેવા ક્રિયા વિશેષણો વપરાય ત્યારે **at, in, on** નો ઉપયોગ થતો નથી.

(1) Jay comes here **on** every Friday. **(wrong)**
(2) Jay comes here every Friday. **(True)**
(3) He went **at** last night. **(wrong)**
(4) He went last night. **(True)**

### ◈ ABOUT/AROUND: લગભગ

અંદાજિત સમય દર્શાવવા માટે

(1) He goes to office **about/around** ten o'clock.
(2) Raj is elder to me **about/around** one year.

### ◈ AFTER: થી પછી

આપેલા સમયથી મોડાનો ભાવ દર્શાવવા માટે.

(1) He will come here **after** dinner.
(2) Mr. Lal never meet anyone **after** 8.30 pm.

### ◈ BEFORE: થી પહેલા

આપેલા સમયથી પહેલાનો ભાવ દર્શાવવા માટે.

(1) He never comes **before** 8 am.
(2) Please reach here **before** chief guest's arrival.

### ◈ BY: ત્યાં સુધી

આપેલા સમય સુધીનો ભાવ દર્શાવવા માટે

(1) I will finish the project **by** the end of June.
(2) They will have gone **by** this time.
(3) You will have to join the company **by** 1st March.

### ◈ FOR: સુધી, માટે

આપેલા સમય સુધી, માટેનો ભાવ દર્શાવવા માટે.

(1) Dipa has worked here **for** three years.
(2) Rahul needs my books **for** some days.
(3) I followed doctor's advice **for** a week.

### ◈ DURING: દરમિયાન

આપેલા સમયગાળા દરમિયાનનો ભાવ દર્શાવવા માટે.

(1) To indicate a set period of time.
(2) They were out of town **during** those days.
(3) One should not go to Delhi **during** summer.

### ◈ SINCE: થી

ભૂતકાળમાં ક્રિયા શરુ થયાના ચોક્કસ સમયથી નો ભાવ દર્શાવવા માટે.

(1) I have been working in this academy **since** 2003.
(2) We have been working **since** morning as the function is at evening.

### ◈ FROM: થી

ભવિષ્યમાં થનાર ક્રિયાની શરુઆત દર્શાવવા માટે.

(1) I will be available **from** next week.
(2) He will join the organization **from** 5th March.

### ◈ TILL/UNTIL: જ્યાં સુધી - ત્યાં સુધી

ચોક્કસ સમય સુધીનો સમયગાળો દર્શાવવા માટે.

(1) I was waiting for you all **till** 6 pm.
(2) I didn't know anything about it **until** now.

## 2. Prepositions of Place (સ્થાનદર્શક) :

### ◈ IN: માં

સામાન્ય રીતે કોઇક વસ્તુ કે વ્યકિત અમુક સીમાની અંદર છે તેવો ભાવ દર્શાવવા માટે.

(1) I live **in** Rajkot.
(2) Deposit the money **in** any branch of SBI.

TTC An Institute For Competitive Exam SINCE - 2010

**AT:**

**(A)** કોઈક વસ્તુ કે વ્યકિત ચોક્કસ સ્થળ પર છે તેવો ભાવ દર્શાવવા માટે

(1) He will be **at** Sandipani Academy now.

(2) My best friend lives **at** 25, Jagnath Plot.

**(B)** કોઈક સ્થળ કે વિસ્તાર અન્ય સ્થળ કે વિસ્તારનો એક ભાગ છે તે દર્શાવવા માટે.

(1) I work **at** Cadilla in Ahmedabad.

(2) We stayed **at** a hotel for an hour on our way to Shirdi.

**ON: પર**

usually used to designate names of streets, roads and the working place if it is not a building.

સામાન્ય રીતે શેરીઓ, રસ્તાઓ કે સ્થળોના નામ આગળ વપરાય છે.

(1) My father had his office **on** Raiya road.

(2) Raj has his duty **on** Gujarat Boarder.

(3) There is always day **on** Kalawad road.

## 3.Prepositions of Position(સ્થિતિદર્શક) :

**ON : ઉપર**

Indicates the expression of "higher than, but in contact"

'થી ઉપર' નો ભાવ દર્શાવે છે. બે બાબતો સ્પર્શેલી છે તેવો ભાવ રજૂ થાય છે.

(1) The book is **on** the bench.

(2) Children should not sit **on** front sit of the car.

**ABOVE : થી ઉપર**

Indicates the expression of "higher than something but without contact"

'થી ઉપર પરંતુ સ્પર્શેલુ નથી' તેવો ભાવ દર્શાવવા માટે

(1) The clock is **above** the window.

(2) Please contact me on **above** given numbers.

**BELOW : થી નીચે**

Indicates "lower than something" or "of less importance"

'થી નીચે કે નીચું' નો ભાવ દર્શાવવા માટે.

(1) Please dispatch **below** given goods.

(2) Today's temperature is **below** 5 degrees.

**UNDER : થી નીચે/નીચું**

Indicates "lower than something, but closer to it."

'થી નીચે કે નીચું' નો ભાવ દર્શાવવા માટે.

(1) The cow is sitting **under** the tree.

( 2) Your book is **under** the cupboard.

**AFTER : ની પાછળ/પછી**

'ની પાછળ / પછી' નો ભાવ દર્શાવે છે.

**(A)** Indicates "a little inferior to something else."

(1) He stood second in the test **after** me.

**(B)** Indicates a subsequent position.

(1) The principal started asking questions one **after** another.

**ALONG : ની સમાંતર**

Indicates "running the length of something."

'અન્ય બાતની સમાંતરે' નો ભાવ રજૂ કરે છે.

(1) There are many windmills **along** the sea shore of Bhavnagar.

**BY : ની બાજુએ**

Indicates "at the side of."

'ની બાજુએ' નો ભાવ રજૂ કરે છે.

(1) The whole village was standing **by** the lady.

(2) I sat **by** him for two hours at the hospital.

**NEAR : નજીક**

Indicates "close to something/someone"

'નજીકપણા' નો ભાવ રજૂ કરે છે.

(1) My farm house is **near** sea shore.

**AGAINST : ની વિરોધમાં**

Indicates opposition.

'ના વિરોધમાં' નો ભાવ દર્શાવવા માટે.

(1) I am **against** this rule of the college.

**ACROSS : પેલે પાર**

Indicates "on the other side"

'ની પેલી બાજુએ / પેલી પાર' નો ભાવ રજૂ કરવા માટે

(1) Our farm is **across** the river.

(2) My friend's uncle lives **across** the boarder.

**BEFORE : ની સામે**

Indicates "in the presence of someone"

'ની ઉપસ્થિતિમાં / ની સામે' નો ભાવ રજૂ કરવા માટે

(1) One should think twice while speaking **before** public.

**BEHIND : ની પાછળ**

Indicates "at the back of something."

'ની પાછળ' નો ભાવ દર્શાવવા માટે.

(1) He was just **behind** me in the queue.

**OPPOSITE : ની સામે**

Indicates " something/someone facing"

'ની સામે' નો ભાવ દર્શાવવા માટે.

(1) His office is **opposite** Race course.

**BEYOND : પેલેપાર, બીજી બાજુએ**

(1) The sun rises is **beyond** the east.

**BETWEEN : ની વચ્ચે**

માત્ર બે જ વ્યકિત કે વસ્તુના સંદર્ભમાં વપરાય છે.

(1) Our nose is **between** two eyes.

**AMONG: ની વચ્ચે**

બે થી વધુ વ્યકિત કે વસ્તુનાં સંદર્ભમાં વપરાય છે.

(1) I was sitting **among** my friends.

**AMIDST, AMONG : ની વચ્ચે**

ગણી ન શકાય તેવાં નામોનાં સંદર્ભમાં વપરાય છે.

(1) We should not lose faith **amidst** difficulties.

**BESIDES: તદુપરાંત**

(1) He knows three languages **besides** English.

TTC An Institute For Competitive Exams SINCE - 2017

## 4.Prepositions of Movement(ગતિદર્શક) :

**◈ UP : ઉપર તરફ**

Indicates upward movement/place/position/degree
ઉપર તરફથી ગતિ કે સ્થિતિ દર્શાવવા માટે.

(1) The monkey climbed **up** a tree when it saw people there.

(2) He ran **up** the stairs when he saw me.

**◈ DOWN : નીચે તરફ**

Indicates downward movement.
નીચે તરફથી ગતિ કે સ્થિતિ દર્શાવવા માટે.

(1) Our neighbour's son fell **down** the terrace on the day of Uttarayan.

**◈ UPON/ONTO : ની ઉપર તરફ**

Indicates "a movement to a higher place" or "to place something on the other."
કોઈક વસ્તુ ની ઉપર તરફની ગતિ દર્શાવવા માટે.

(1) The thief jumped **upon** his motorbikeand ran away.

**◈ OFF : થી નીચે તરફ**

Indicates :a movement to a lower surface."
કોઈક સ્થાન પરથી નીચે તરફની ગતિ દર્શાવવા માટે.

(1) On returning from the school,I fell **off** my bike.

**◈ INTO : ની અંદર**

Indicates "the movement inside something.'
અંદર તરફની ગતિ દર્શાવવા માટે.

(1) I jumped **into** the river to save a boy.

**◈ OVER : ની ઉપરથી**

Indicates "the movement from one side to another well above the surface.'
એક વસ્તુ બીજી વસ્તુની ઉપર ગતિમાં હોય તે દર્શાવવા

(1) The kite is flying **over** my head.

**◈ BY : ની પાસેથી**

Indicates "to move beside"
'ની પાસેથી' પસાર થવાનો ભાવ દર્શાવવા માટે.

(1) You will have to pass **by** my home if you want to go to the bus-stand.

**◈ THROUGH : માંથી**

Indicates "to pass from"
'માંથી પસાર થવું' નો ભાવ દર્શાવવા માટે.

(1) I passed **through** many problems.

**◈ AROUND : ની ફરતે**

Indicates "the movements in a circular direction."
'ની ફરતે ભ્રમણ' નો ભાવ દર્શાવવા માટે.

(1) I want to travel **around** the globe.

**◈ AT** :

Indicates "in the direction of something/someone."
ચોક્કસ દિશા તરફ સૂચન કરવાનો ભાવ દર્શાવવા

(1) Look **at** the kites flying in the sky.

(2) Don't laugh **at** incapables.

**◈ FOR** :

Indicates "to move with a precise destination.'
નિશ્ચિત સ્થળ તરફની ગતિ દર્શાવવા

(1) I am leaving **for** Canada the next week.

**◈ TO** :

Indicates "the movement in the specific direction of a place or person.
નિશ્ચિત દિશા તરફની ગતિ દર્શાવવા માટે

(1) I am going **to** the school.

(2) Please give this letter **to** your parents.

**◈ TOWARDS : ની તરફ**

Indicates "the movement in the general direction of a place or person.
અનિશ્ચિત સ્થળ તરફની ગતિ દર્શાવવા માટે

(1) We were moving **towards** the North direction in the vast sea.

**◈ WITH: વડે, સાથે**

કોઇક સાધનનાં સદર્ભમાં

(1) You should't write with a red pen.

'સાથે' ના અર્થ માટે

(2) Our principal went to Abu with the students.

**◈ BY: દ્વારા, વડે**

**(A)** કોઇક વડે થતી ક્રિયા માટે

(1) The fruits were sold by the shopkeeper.

**(B)** પ્રવાસના માધ્યમ માટે
જેમકે, by train, by bus, by plane.

**(C)** સમય મર્યાદા દર્શાવવા માટેય વપરાય છે.

(1) I'll be back by the evening.

**◈ OF: નો, ની, નું, ના**

**(A)** માલીકીના સંદર્ભમાં સંબંધિત નામનીઆગળ વપરાય છે.

(1) The children of Maniben are naughty.

**(B)** રોગથી મૃત્યુ પામવાના સંદર્ભમાં વપરાય છે.

(1) The minister died of cancer.

**◈ LITTLE, A LITTLE:**

**ન ગણી શકાય તેવા નામની આગળ વપરાય છે.**

**(A)** Little એટલે 'નહિવત' અથવા 'સાવ નહી' તથા A little એટલે 'થોડું' અથવા 'કેટલુક'

**(B)** Little નકાર અર્થ ધરાવે છે. A little હકાર અર્થ ધરાવેછે.

(1) The jug was empty. There was little water in it.

(2) The patient is not serious. There is a little hope of his recovery.

**◈ FEW, A FEW:**

**ગણી શકાય તેટલા નામની આગળ વપરાય છે.**

**(A)** Few એટલે 'નહિવત' અથવા 'સાવ નહી' તથા A Few અમુક અથવા 'થોડા ઘણા'

**(B)** Few નકાર અર્થ ધરાવે છે. A Few હકાર અર્થ ધરાવે છે.

(1) There was curfew in our area so few shops were open.

(2) The garden has many trees but a few are dry.

# PHRASE PREPOSITIONS

## ◈ Because of / On account of / Due to / Owing to : ને લીધે, ને કારણે

(1) **Because of** his illness, he couldn't come.
(2) **On account of** his illness, he couldn't come.
(3) **Due to** his illness, he couldn't come.
(4) **Owing to** his illness, he couldn't come.

(5) He got the job **because of / on account of / due to / owing to** his smartness.

## ◈ In order to / With a view to : ના હેતુથી

(1) He stayed home in order **to watch** TV.
(2) I shifted to Rajkot in order **to prepare** for exam.
'In order to' પછી ક્રિયાપદનું મૂળરૂપ (Infinitive) આવે છે.

(1) He stayed home with a view to **watching** TV.
(2) I shifted to Rajkot with a view to **preparing** for exam.
'With a view to' પછી ક્રિયાપદનું 'ing' વાળું રૂપ આવે છે.

## ◈ Inspite of : ના છતાં પણ, તેમ છતાં પણ

Inspite of પછી સામાન્ય રીતે નામ મૂકાય છે અથવા Being પણ મૂકાય.

Inspite of ની બદલે Despite પણ વાપરી શકાય છે. પણ તેના પછી of વપરાતું નથી.

(1) Inspite of his illness, he works hard.
(2) Despite his illness, he works hard.
(3) Inspite of his being ill, he works hard.

## ◈ Instead of : ને બદલે

Riya chose commerce instead of science.

## ◈ In search of : ની શોધમાં

I went in search of my dog.

## ◈ In front of : ની સામે

His shop is in front of the garden.

## ◈ In favour of : ની તરફેણમાં

I took decision in favour of my family.

## ◈ On behalf of : ના વતી, ના તરફથી

I welcome you on behalf of my school.

## ◈ Used to : ના થી ટેવાયેલ હોવું

Used to પછી ક્રિયાપદનું મૂળરૂપ વપરાય છે.
I used to play chess when I was in school.

## ◈ To be used to : ના થી ટેવાયેલ હોવું

અહીં To be ના રૂપ પછી used to આવે છે અને તેના પછી **નામ** કે **વિશેષણ** વપરાય છે.

I am used to hard work.

આ ઉપરાંત અન્ય phrase preposition અહીં આપેલ છે.

- Apart from: ના ઉપરાંત
- At the bottom of : તળિયે
- At the top of : ટોચે
- By means of : ના દ્વારા
- For the sake of : ને ખાતર
- In addtion to : ઉપરાંત, વધારે
- According to : ના પ્રમાણે
- In the context of : ના સંદર્ભમાં
- In the course of: દરમિયાન
- In the name of : ના નામે
- In the case of : ની બાબતમાં
- In preference to : ની પસંદગી પ્રમાણે
- With the aim of : ના હેતુથી
- With reference to : ના સંદર્ભમાં

## Use of "At", "In" & "On"

| At | In | On |
|---|---|---|
| at home | in a car | on a bus |
| at work | in a taxi | on a train |
| at school | in a helicopter | on a plane |
| at university | in a boat | on a ship |
| at college | in a lift | on a bicycle/bike |
| at the top | in the newspaper | on a horse |
| at the bottom | in the sky | on the radio/TV |
| at the side | in a row | on the left/right |
| at reception | in street | on the way |

# 7 CONJUNCTION (સંયોજકો)

Connective એટલે સંયોજક, ઘણીવાર બે વાક્યો કોઇ એક શબ્દથી જોડાયેલ હોય છે. બે વાક્યમાં એક મુખ્ય વાક્ય અને બીજુ ગૌણ વાક્ય પણ હોય છે. આ સંયોજક બે વાક્યોને **Co-ordinate** કરે એટલે કે જોડ તેને આપણે Conjunction તરીકે ઓળખીએ છીએ. સંયોજકો સમય, પરિણામ, કારણ અને વિકલ્ય વગેરે સૂચવે છે. આ સંયોજકોના અર્થ અને ઉપયોગનો બરાબર અભ્યાસ જરૂરી છે.

**1. And: અને**

કંઇક ઉમેરો કરવા ઉપયોગ થાય છે.

(1) The cat came **and** drank milk.

**2. But : પરંતુ**

બે વાક્યનો પરસ્પર વિરોધનો ભાવ દર્શાવવા **But** વપરાયછે. Yet નો પણ આ પ્રકારે ઉપયોગ થાયછે.

(1) Meena asked for help but nobody came.

**3. Though : જોકે....છતાં**

1. Though, Although, Eventhough, Evenif, However, as, Whereas, Neverthless **સંયોજકો વિરોધનો ભાવ દર્શાવે છે.**

**Though** I worked hard, I failed
**Although** I worked hard, I failed
**Even though** I worked hard, I failed
**Even if** I worked hard, I failed
**However** hard I worked , I failed
**Hard as** I worked , I failed

**4. Or/Otherwise : અથવા/નહિતર**

બેમાંથી એક બાબતો સ્વીકાર કરવો પડે તેમ હોય ત્યારેઅથવા ક્રિયાનું સંભવિત પરિણામ દર્શાવવા વપરાયછે.

(1) Sit quietly **or** go home.
(2) Work hard **otherwise** you will fail.

**5. So/Therefore : તેથી**

ક્રિયાનું પરિણામ દર્શાવવા વપરાય છે.

(1) I was late **therefore** I could not get the ticket.
(2) Roshni is sick, **so** she can not play the match.

**6. Because : કારણ કે**

બીજા વાક્યમાં કારણ સુચવાય ત્યારે **Because** નો સંયોજક તરીકે ઉપયોગ થાય છે.

(1) I did not come **because** I was not well.

**Since** પણ 'કારણકે' ના સંદર્ભમા વપરાય છે. સામાન્ય રીતે **Since** વાક્યની શરૂઆતમાં વપરાય છે.

(1) Since I was not well, I did not go to the school.

**7. Either...or : બે માંથી એક**

Either...or નો ઉપયોગ કર્તા અથવા કર્મના સ્થાને બે જુદા જુદા નામો વિશેષણો, ક્રિયાપદો કે ક્રિયા વિશેષણોનો વિકલ્પ સૂચવવા માટે થાય છે. તે હકાર અર્થ દર્શાવે છે.

(1) He is **either** singing **or** laughing
(બે કર્મનો વિકલ્પ સૂચવે છે)
(2) **Either** Renu **or** Renuka is singing.
(બે કર્તાનો વિકલ્પ સૂચવે છે)
(3) Mohan is **either** thin **or** tall.
(બે વિશેષણોનો વિકલ્પ સૂચવે છે)
(4) You can **either** sit quietly **or** go home.
(બે ક્રિયાપદોનો વિકલ્પ સૂચવે છે.)
(5) **Either** play here **or** sit in the room.
(બે વાક્યોનો વિકલ્પ સૂચવે છે.)

**8. Neither...nor : બે માંથી એકપણ નહિ**

બે જુદા જુદા કર્તા,કર્મ, નામ, વિશેષણ, ક્રિયાપદ, ક્રિયા વિશેષણ કે બે વાક્યોમાંથી એકપણ નહીના સંદર્ભ માટે વપરાય છે. **Neither..nor** નકાર અર્થ દર્શાવે છે.

(1) **Neither** you **nor** I am weak. (બે કર્તા)
(2) **Neither** he sang a song **nor** she danced in the party. (બે વાક્યોમાં)

**9. When : જ્યારે-ત્યારે**

અમુક સમયે કાંઇક બને ત્યારે તેના અનુસંધાને બીજી કોઇક ઘટના બને છે તે સુચવવા આ સંયોજક વાક્યની શરૂઆતમાં અથવા વચ્ચે વપરાય છે.

(1) Birds come out of the nest, **when** the sun rises.
(2) **When** you visited my house, I was reading a book. (When ની જગ્યાએ As soon as પણ વાપરી શકાય છે.)

**10. While : જ્યારે-ત્યારે**

સામાન્ય રીતે **While** ચાલુ ભૂતકાળ કે ચાલુ વર્તમાનકાળ દર્શાવે છે તેના દ્વારા ક્રિયા લાંબો સમય ચાલી કે ચાલે છે તે સૂચવાય છે.

(1) I saw a snake, **While** I was crossing the road. (While ને બદલે 'As' પણ વાપરી શકાય છે.)

**11. Till/Until = 'જ્યાં સુધી, ત્યાં સુધી** આ બંને સંયોજકો એકબીજાના બદલે વાપરી શકાય છે. પણ મોટે ભાગે **until** નકાર વાક્યના અનુસંધાને વધુ વપરાય છે.

(1) Stop **till** the train passes.
(2) Don't go **until** you finish your work.

**12. Before : પહેલા**

બે ક્રમિક ક્રિયાઓ હોય તેમાંની ક્રમમાં બનતી બીજી ક્રિયાની આગળ **Before** સંયોજકનો ઉપયોગ થાય છે. ગતિ/ક્રિયાદર્શક વાક્યમાં 'આગળ' ના અર્થમાં પણ વપરાય છે.

(1) Wash your hands, **before** you sit for yourmeal.
(2) A motor is going **before** a bus.

**13. After : પછી**

બે ક્રમિક ક્રિયાઓમાંથી પ્રથમ બનતી ક્રિયાની આગળ **After** સંયોજકનો ઉપયોગ થાય છે. ગતિ/ક્રિયા દર્શક વાક્યમાં 'પાછળ' ના અર્થમાં પણ વપરાય છે.

(1) You can go **after** you finish your answers.
(2) We shouldn't rush **after** a wild animal.

**14. If : જો:તો**

શરતનો ભાવ સુચવે છે.

(1) You will fail, **if** you are careless.
(2) **If** you invite me, I will come.

**15.** Unless : જો નહિ તો

**Unless** ની અંદર નકારનો અર્થ છે. તેના દ્વારા પણ શરતનો ભાવ સુચવાય છે.

(1) you will not succeed, **unless** you are honest.

(2) **Unless** you learn properly, you will not secure more marks.

**16. Whereas - જ્યારે**

Raj is clever. His sister is dull.

Raj is clever **whereas** his sister is dull.

**17. Neverthless - તેમ છતાંય**

The sum was tough. He tried to solve it.

The sum was tough **neverthless** he tired to solve it.

**18. As if : જાણે કે**

As if સાથે સામાન્ય રીતે ભૂતકાળનું To be નું રૂપ 'were' વપરાય છે.

- He walks **as if** he **were** a prince.
- She sang a song **as if** she **were** Asha Bhosle.

જો હું ........... હોઉ તો નો ભાવ દર્શાવતી વખતે પણ 'were' નો ઉપયોગ થાય છે.

- **If** I **were** a Prime Minister, I shall have removed poverty.
- **If** I **were** you, I would have helped Jay.

**19. As soon as, No sooner did... than, Hardly / Scarcely had ... when**

- Sir came, students at once stood up.

- **When** Sir came, students stood up.
- **As soon as** Sir came, students stood up.
- **No sooner did** Sir come, **than** students stood up.
- **Hardly / Scarcely had** Sir come ($v_3$), **when** students stood up.

**20. Such ..... as : એવું**

- You should give such replies as are expected.
- They want such a boy as is able to speak English.
- I want a book. It must improve vocabulary.
- I want such a book as must improve vocabulary.

**21. Same ..... as : એ જ**

- I wore the same shirt as my friend had gifted me.
- Give me the same pen as is in the box.

**22. So that : In order that : That**

- I walked fast so that I could catch train.
- I walked fast in order that I could catch train.
- I walked fast that I could catch train.

**23. Used to / To be used to / To get used to : ના થી ટેવાયેલ હોવું**

- I used to play chess in my childhood.
- I was used to playing chess in my childhood.
- I got used to playing chess in my childhood.

ઉપરોક્ત ત્રણેયનો ઉપયોગ ભૂતકાળમાં કોઈ ક્રિયા નિયમિતપણે અને ટેવ મુજબ વારંવાર થતી હતી તે સૂચવવા વપરાય છે. 'Used to' પછી હંમેશા ક્રિયાપદનું મૂળરૂપ આવે જ્યારે To be used to અને To get used to પછી નામ, સર્વનામ કે Gerund આવે.

વર્તમાનની નિયમિત ટેવ સૂચવવા Habituated, Accustomed વપરાય છે. તેના સ્થાને To be (વર્તમાન) used to વપરાય છે.

- He is habituated to watching TV.
- He is used to watching TV.

**24. So that : એટલું બધું..... કે**

- I sang so well that I could won the competition.
- He is so dull that he can't understand anything.

**25. Such that : એવું ..... કે**

- Raj is such a fat man that he can't run fast.
- I am such a busy man that I don't have time for useless things.

so પછી વિશેષતા કે ક્રિયાવિશેષણ આવે જ્યારે

such પછી વિશેષણ સાથે હંમેશા નામ આવે છે.

## Remove 'Too' or Use 'Too'

Too એ અતિશયપણાનો ભાવ દર્શાવે છે. તેને દૂર કરીએ ત્યારે so .... that નો ઉપયોગ થાય છે. that પછી મોટા ભાગે વાક્યના કર્તાને સંબંધિત સર્વનામ મૂકાય છે. તેમજ નકારનો ભાવ દર્શાવતા can not, could not કે will not કાળ પ્રમાણે મૂકાય છે.

◈ **દા.ત.,**

- Jay is too fat to run fast.
- Jay is so fat that he can not run fast.

# 4 PRONOUNS (સર્વનામ)

**Definition :**

A pronoun is a word used instead of a Noun or Noun Equivalent.
નામ (Noun) ને બદલે નામ સમાંતર ભાગને બદલે વપરાતાં શબ્દને સર્વનામ (Pronoun) કહે છે.

(1) Jay is a good boy. Jay helps his parents.
(2) Jay is a good boy. He helps his parents.

ઉપરોક્ત વાક્યોની બંને જોડીની સરખામણી કરતાં જાણ થાય છે કે બીજી જોડીમાં જય(Noun) નું પુનરાવર્તન ટાળવા તેના બદલે **he** શબ્દ વાપરવામાં આવ્યો છે. અહી **he** સર્વનામ (Pronoun) છે.

**Kinds of Pronouns:**

The following are the kinds of Pronouns:

1. Personal Pronouns
2. Reflexive & Emphatic Pronouns.
3. Demonstrative Pronouns
4. Indefinite Pronouns
5. Distributive Pronouns
6. Relative Pronouns
7. Interrogative Pronouns

હવે આપણે ઉપરોક્ત Pronouns ને વિગતે સમજવાનો પ્રયાસ કરીએ.

**1. Personal Pronouns :**

(a) The person speaking (**I, we...**)
(b) The person spoken to (**you...**)
(c) The person spoken of (**he, she, it, they...**)

***I, we, you, he, she, it, they*** તેમજ તેઓના અલગ-અલગ રૂપોને **Personal Pronouns** કહે છે, કારણ કે તેઓ જુદાં જુદાં ત્રણ પુરુષોનો નિર્દેશ કરે છે. દા.ત. **પહેલો પુરુષ** બોલનાર વ્યકિત (હું, અમે.... વગેરે), **બીજો પુરુષ** જેની સાથે વાત થાય છે તે (તું, તમે...વગેરે) તથા **ત્રીજો પુરુષ**-જેના વિશે વાત થાય છે. જેનો ઉલ્લેખ વાતમાં અગાઉ થઇ ચૂકયો છે તે (તે, તેણી, તેઓ.... વગેરે).

ત્રીજા પુરુષ એકવચનનું સર્વનામ **It** બહુધા કોઇ નીર્જીવ વસ્તુ, સ્થળ કે બાબત દર્શાવવા માટે વપરાય છે. આમ છતાં તેનો સમાવેશ Personal Pronoun માં થાય છે.

પુરુષવાચક સર્વનામના જુદી-જુદી વિભકિતના એકવચન તથા બહુવચનનાં રૂપો દર્શાવતા આ કોષ્ટકો સમજો.

**Nominative Case** (કર્તા વિભકિત)

| Person (પુરુષ) | Singular (એકવચન) | Plural (બહુવચન) |
|---|---|---|
| First | I | We |
| Second | You | You |
| Third | He, She , It | They |

**Sentences:**

(1) **We** don't want to go there.
**અમે** ત્યાં જવા ઇચ્છતા નથી.
(2) **You** are not responsible for that.
**તમે** એ માટે જવાબદાર નથી.
(3) **She** is the cleverest student in this class.
આ વર્ગની **તેણી** સૌથી વધુ હોંશિયાર વિદ્યાર્થીની છે.
(4) **They** are our neighbours.
**તેઓ** અમારા પડોશીઓ છે.
(5) **It** is a wild animal.
**એ** એક જંગલી પશુ છે.

**Objective Case** (કર્મ વિભકિત)

| Person (પુરુષ) | Singular (એકવચન) | Plural (બહુવચન) |
|---|---|---|
| First | Me | Us |
| Second | You | You |
| Third | Him, Her , It | Them |

**Sentences:**

(1) Did you tell **me** anything?
તમે **મને** કંઇ કહ્યું ?
(2) They have invited **us**.
તેઓ **અમને/આપણને** આમંત્રિત કર્યા છે ?
(3) Do you know **him**?
તમે **તેને** ઓળખો છો ?
(4) You should listen to **them**.
તમારે **તેઓને** સાંભળવા જોઇએ.
(5) I am to see her next sunday.
હું **તેણીને** આવતા રવિવારે મળવાનો છું.

**Possessive Case** (છઠી વિભકિત : નો-ની-નું-ના)

| Person (પુરુષ) | Singular (એકવચન) | Plural (બહુવચન) |
|---|---|---|
| First | My/Mine | Our/Ours |
| Second | Your/Yours | Your/Yours |
| Third | His<br>Her/Hers<br>Its | Their/Theirs |

**Sentences:**

(1) **Theirs** is a nice farmhouse.
તેઓનું ફાર્મ હાઉસ સુંદર છે.
(2) Your car is as expensive as **mine.**
તમારી કાર **મારી કાર** જેટલી જ મોંઘી છે.
(3) My son and **yours** are both naughty.
મારો દીકરો અને તમારો - બંને તોફાની છે.
(4) This is my house and that is **hers.**
આ મારું ઘર છે અને તે **તેનું.**
(5) Theirs is very nice uniform.
તેઓને (યુનિફોર્મ) બહુ સુંદર યુનિફોર્મ છે.

TTC Institute For Competitive Exams SINCE - 2010

**NOTE:**

Possessive case માં ***my, our, yours, his, her, its, their*** જેવાં રૂપો Possessive Adjectives તરીકે વપરાય છે કારણ કે તેઓનો ઉપયોગ Nouns પહેલાં થાય છે અને તેઓ Adjectives (વિશેષણો) નું કાર્ય કરે છે. જયારે ***mine, ours, yours, hers, theirs*** જેવા રૂપો Personal Pronouns નું કાર્ય કરે છે. અહી પ્રસ્તુત તુલનાત્મક અભ્યાસ આ વાતને વધુ સ્પષ્ટ કરશે.

**Possessive Adjectives / Possessive Pronouns**

(1) This is **my** book.
આ **મારી** બુક છે.

(1) This book is **mine.** (mine=my+book)
આ બુક **મારી** છે.

(2) This is **our** college.
આ **અમારી** કોલેજ છે.

(2) This college is **ours.** (ours=our+college)
આ કોલેજ **અમારી** છે.

(3) That is **your** bike.
પેલું **તારું** બાઈક છે.

(3) That bike is **yours.** (yours=your+bike)
પેલું બાઈક **તારું** છે.

(4) That is **his** shop.
પેલી **તેની** દુકાન છે.

(4) That shop is **his.** (his=his+shop)
પેલી દુકાન **તેની** છે.

**Now study the following sentences:**

(1) **He** was eager to go there.
**તે** ત્યાં જવા માટે ઉત્સુક હતો.

(2) Your answer doesn't satisfy **me.**
તારો જવાબ **મને** સંતુષ્ટ કરતો નથી.

(3) Is this pen **yours?**
શું આ પેન **તારી** છે?

(4) **It** is necessary for them to respond.
તેઓને માટે વળતર જવાબ આપવો જરૂરી છે.

(5) **It** was Vipin who broke the glass.
**તે** વિપુલ હતો જેણે ગ્લાસ તોડયો.

(6) **She** told **me** that **they** were leaving their house.
**તેણીએ મને** કહ્યું કે **તેઓ** તેઓનું ઘર છોડીને જઈ રહ્યા છે.

(7) **You** have cheated **me.**
**તે મને** છેતરીયો છે.

(8) I keep my books in a cupboard, where do you keep **yours?**
હું મારા પુસ્તકો કબાટમાં મૂકું છું, તું **તારા** કયાં મૂકે છે.

(9) The books on the table are **mine.**
ટેબલ પર પડેલા પુસ્તકો **મારા** છે.

(10) **They** cleaned the house before leaving it.
**તેઓએ** જતાં પહેલા ઘર સાફ કર્યું હતું.

**NOTE:**

**(A) It** નો ઉપયોગ નિર્જીવ વસ્તુ માટે થાય છે.

(1) Have you read this article? **It** is very interesting.
શું તમે આ લેખ વાંચ્યો છે? **તે** ખૂબજ રસપ્રદ છે.

(2) Have you ever seen the Taj? **It** is wonderful.
શું તમે કયારેય તાજમહેલ જોયો છે? **તે** અદ્દભૂત છે.

**(B) It** નો ઉપયોગ પશુઓના ઉલ્લેખ માટે થાય છે, ખાસ કરીને જયારે તેઓની જાતિનો સ્પષ્ટ ઉલ્લેખ ન કરવાનો હોય.

(1) We have bought a dog. **It** is a Dober man.
અમે કૂતરો ખરીદ્યો છે. **તે** ડોબરમેન છે.

(2) The horse of Rana Pratap saved him, though **it** was dead.
રાણા પ્રતાપના ઘોડાએ તેમને બચાવ્યા હતા, જોકે **તે** મૃત્યુ પામ્યો હતો.

**(C) It** નો ઉપયોગ નાના બાળકનો ઉલ્લેખ કરવા માટે થાય છે, ખાસ કરીને જયારે તેની Sex- જાતિનો ઉલ્લેખ કરવાનો ન હોય.

(1) This baby doesn't allow anybody to touch **its** toys.
આ બાળક કોઈને **તેના** રમકડાઓ સ્પર્શવા દેતું નથી.

(2) Look ! The baby is trying to catch **its** teddybear.
જુઓ ! બાળક **તેના** ટેડીબીયરને પકડવાનો પ્રયત્ન કરી રહ્યો છે.

**(D) It** નો ઉપયોગ કામચલાઉ ધોરણે **to be** ના રૂપ પહેલાં થાય છે. સાચો subject વાકયમાં પછી આવે છે.

(1) **It** is sure that you will repeat.
તું પુનરાવર્તન કરીશ **તે** નિશ્ચિંત છે.

(2) **It** is easy to talk.
વાત કરવી સહેલી છે.

**(E) It** નો ઉપયોગ વાકયમાં આગળ આવતા નામ કે સર્વનામને ભારપૂર્વક રજૂ કરવા માટે વાકયની શરૂઆતમાં થાય છે.

(1) **It** was I who helped you.
**એ** હું હતો જેણે તને મદદ કરી.

(2) **It** is Mumbai that is going to be the Shanghai of India.
**એ** મુંબઈ છે જે ભારતનું સાંઘાઈ બનવા જઈ રહ્યુંછે.

**(F) It** નો ઉપયોગ અન્ય-પુરુષવાચક ક્રિયાપદના સર્વનામ તરીકે વપરાય છે.

(1) **It** rains.
વરસાદ પડે છે.

(2) **It** thunders.
વીજળી થાય છે.

**(G) It** નો ઉપયોગ સમય, ઋતુ, વગેરે દર્શાવવા થાય.

(1) **It** is five o'clock.
પાંચ વાગ્યા છે.

(2) **It** is summer.
ઉનાળો છે.

An Institute For Competitive Exam TTC SINCE - 2010

## 2. Reflexive & Emphatic Pronouns
### Reflexive / Emphatic case :

| Person (પુરુષ) | Singular (એકવચન) | Plural (બહુવચન) |
|---|---|---|
| First | Myself | Ourselves |
| Second | Yourself | Yourselves |
| Third | Himself<br>Herself<br>Itself | Themselves |

Reflexive તેમજ Emphatic Pronouns પુરુષવાચક સર્વનામોના જ એક ભાગ સમાન છે. જયારે *my, your, him, her, it* જેવા એકવચનના સર્વનામના રૂપોને - 'self' જોડવામાં આવે ત્યારે આ સર્વનામો સર્જાય છે. સર્વનામના આ રૂપો *-myself, ourselves, yourself, yourselves, himself, herself, itself* તેમજ *themselves* ને વાકયોમાં તેમના ઉપયોગ મુજબ Reflexive Pronouns કે Emphatic Pronouns કહે છે.

### (A) Reflexive Pronouns:

કર્તા દ્વારા થયેલ ક્રિયાની અસર તેના પોતાના પર થઇ છે તેવું દર્શાવવા માટે જયારે આ સર્વનામોનો ઉપયોગ થાય છે ત્યારે તેને Reflexive Pronouns કહે છે. અહી આ સર્વનામોને કર્મ તરીકે પ્રયોજાયા હોય છે અને તે ક્રિયા કરનાર જ સૂચિત કરતાં હોય છે.

**Now study the following sentences:**

(1) That woman hurt **herself.**
એ સ્ત્રીએ પોતાને જ ઇજા કરી.

(2) I blame **myself** for it.
હું મારી જાતને તે માટે દોષ દઉં છું.

(3) The wall fell **itself.**
દીવાલ આપમેળે પડી ગઇ.

(4) Don't punish **yourself.**
તમારી જાતને જ શિક્ષા ન કરો.

(5) We often deceive **ourselves.**
ઘણીવાર આપણે આપણી જાતને છેતરતા હોઇએ છીએ.

(6) The bride hanged **herself.**
નવોઢાએ પોતાને જ ગળેફાંસો આપ્યો.

(7) Sometimes I do hate **myself.**
કોઇવાર હું મારી જાતને જ ધિકકારું છું.

(8) She poisoned **herself.**
તેણીએ પોતે ઝેર પી લીધું.

(9) You should not try to befool **yourselves.**
તમારે તમારી જાતને જ મૂર્ખ બનાવાનો પ્રયત્ન ન કરવો જોઇએ.

(10) I wish to withdraw **myself** from his.
હું આમાંથી મારી જાતને પાછી ખેંચી લેવા ઇચ્છું છું.

### (B) Emphatic Pronouns:

જે તે નામ કે સર્વનામને ભારપૂર્વક રજૂ કરવા માટે જયારે આ સર્વનામોનો ઉપયોગ થાય છે ત્યારે તેને Emphatic Pronouns કહે છે. અહી તેઓ કર્મની ભૂમિકામાં હોતા નથી.

Emphatic Pronouns નોઉપયોગ જેતે નામકે સર્વનામ પછી કે વાકયના અંતે એમ બંને રીતે થઇ શકે છે.

**Now study the following sentences:**

(1) I **myself** will do it.
હું જાતે જ તે કરીશ.

(2) Babu painted the door **himself.**
બાબુએ જાતે બારણું રંગ્યું.

(3) We climbed the hill **ourselves.**
અમે જાતે ટેકરી ચડયા.

(4) Do you wash clothes **yourself?**
તમે જાતે કપડાં ધૂઓ છો ?

(5) The old woman **herself** read the letter.
એ વૃદ્ધ સ્ત્રીએ જાતે પત્ર વાંચ્યો.

(6) Amitabh **himself** will act this scene.
અમિતાભ જાતે આ દ્દશ્ય ભજવશે.

(7) Let the baby walk **itself.**
બાળકને જાતે જ ચાલવા દો.

(8) Do this exercise **yourselves.**
આ એકસસાઇઝ તમે જાતે કરો.

(9) Now Mr. Patadiya **himself** looks after his business.
હવે મી. પાટડિયા જાતે પોતાના ધંધાની દેખરેખ કરે છે.

(10) Bipasa **herself** has sung this song.
આ ગીત બિપાશાએ જાતે ગાયું છે.

## 3. Demonstrative Pronouns:

Demonstrative Pronouns એટલે એવાં સર્વનામો કે જે વાકયમાં આગળ આવતા અથવા બોલનારના મનમાં હોય એવી કોઇ વસ્તુ, વ્યકિત કે સ્થળના નામને બદલે વપરાય છે તેમજ તેનો જ નિર્દેશ કરે છે.

**The following are chief Demonstrative:**

(1) **This** is my study-room.
આ મારો અભ્યાસનો કક્ષ છે.

(2) **That** is her purse.
પેલું તેણીનો બટવો છે.

(3) **These** are students' vehicles.
આ વિદ્યાર્થીઓના વાહનો છે.

(4) **This** is a letter from Sikshan Setu.
આ શિક્ષણસેતુ તરફથી પત્ર છે.

(5) My nature is quite opposite to **that** of my best friend.
મારો સ્વભાવ મારા મિત્ર કરતા તદ્દન વિરુદ્ધ છે.

(6) His behaviour was rude. He should not act as **such.**
તેનું વર્તન ઉદ્ધત હતું. તેણે **તેવી** રીતે ન વર્તવું જોઇએ.

(7) **These** are nothing else but excuses.
આ બધા બીજું કઈ નહીં પરંતુ બહાના છે.

(8) Both are good bikes; but **that** is better than this.
બન્ને સારા બાઈક્સ છે; પરંતુ **પેલું** આની કરતા સારું છે.

(9) **That** is the old temple of Madhavrayji.
પેલું માધવરાયજીનું જૂનું મંદિર છે.

(10) **This** is a very confidential matter.
**આ** ખૂબ જ ગુપ્ત બાબત છે.

**NOTE:**

જયારે **this, these, that, those** નામ સાથે વપરાય છે ત્યારે તેઓને Demonstrative Adjectives (નિર્દેશાત્મક વિશેષણો) કહે છે.

### ◈ Demonstrative Pronouns / Demonstrative Adjectives :

(1) **This** is my car.
**આ** મારી ગાડી છે.

(1) **This** car is very good.
**આ** ગાડી ખૂબ સારી છે.

(2) **Those** are new books.
**પેલાં** નવાં પુસ્તકો છે.

(2) **Those** books are new.
**પેલાં** પુસ્તકો નવાં છે.

(3) I might be wrong, but **such** is not a crime.
હું કદાચ ખોટો હોઉં, પરંતુ **એ** કોઈ ગુન્હો નથી.

(3) They are liars. I don't like **such** people.
તેઓ જુદા છે મને **એવા** લોકો નથી ગમતા.

### 4. Indefinite Pronouns:

એવાં સર્વનામો જે કોઇ વ્યકિત, વસ્તુ કે સ્થળનો સામાન્ય રીતે ઉલ્લેખ કરે, જો કોઇ ચોકક્સ નામનો નિર્દેશ ન કરે તેને Indefinite Pronouns કહે છે.

**(1) All (ઓલ) બધું:** 'All' એટલે બધા અથવા બધું.

દા.ત. **All** the boys were present in the class.

**(2) Any (એની) ગમે તે:** 'Any' એટલે 'ગમે તે', 'કોઈ' કે 'કાંઈ'. સામાન્ય રીતે 'Any' પ્રશ્નાર્થ કે નકાર વાકયમાં વપરાય છે.

દા.ત.

(1) Is there **any** water in the jug?
(2) There isn't **any** water in the jug.

**(3) Anybody (એની બડી) ગમે તે વ્યકિત:** 'Anybody' એટલે ગમે તે વ્યકિત.

દા.ત.

(1) Is there **anybody** in the room?
(2) There isn't **anybody** in the room. /
There is **nobody** in the room

**(4) Each (ઈચ) દરેક:** 'Each' એટલે દરેક. 'Each' નો ઉપયોગ એકવચનમાં જ થાય છે તેથી તેની સાથેનું ક્રિયાપદ કાળ પ્રમાણે એકવચનનું જ રૂપ વપરાય છે.

નોંધ: 'Each' વિશેષણ તરીકે વપરાય છે ત્યારે તેની સાથે નામ વપરાયેલું હોય છે. તેવી જ રીતે 'Every' પણ વિશેષણ તરીકે જ વપરાય છે. 'Every' નામ તરીકે વાપરી શકાતું નથી જયારે 'Each' વાપરી શકાય છે.

દા.ત.

(1) **Each** of the boys has a book in his hand.
(2) **Each** student should attend periods. OR
**Every** student should attend periods.

**(5) Everybody (એવરીબડી) દરેક વ્યકિત:** 'Everybody' એટલે દરેક વ્યકિત. 'Everybody' પણ એકવચનમાં વપરાય છે. આથી તેની સાથે પણ એકવચનમાં વપરાતું ક્રિયાપદ કાળ મુજબ વપરાય છે.

દા.ત. **Everybody** is free to roam in this campus.

નોંધ: 'Everything' એટલે 'દરેક વસ્તુ'. જે એકવચન માટે વપરાય છે અને વસ્તુ માટે વપરાય છે.

દા.ત. **Everything** is ready for the presentation.

**(6) One (વન) કોઈ એક:** 'One' એટલે 'કોઈપણ એક'. અહીંયા 'One' કોઈ નિશ્ચિત વ્યકિત માટે નહિં પરંતુ દરેક વ્યકિત માટે 'One' વપરાય છે.

દા.ત. **One** should try to do for the needy.

**(7) No one/None (નો વન/નન) કોઈ જ નહિ:** 'No one' કે 'None' એટલે એક પણ વ્યકિત નહિ અથવા કોઈ નહિ. આ સર્વનામ પણ એકવચનમાં જ વપરાય છે. આથી તેની સાથે વપરાતું ક્રિયાપદ કાળ પ્રમાણે એકવચનનું જ વપરાય છે.

દા.ત. **No one** has finished the project.

**(8) No body (નો બડી) કોઈ નહિ:** 'No body' એટલે કોઈ જ વ્યકિત નહિ. આ સર્વનામ પણ ફકત એકવચનમાં વપરાય છે. આથી તેની સાથે વપરાતું ક્રિયાપખ એકવચનનું હોય છે.

દા.ત. **No body** likes to fail in exams.

નોંધ: 'Nothing' કોઈક વસ્તુ માટે વપરાય છે. જેનો અર્થ 'કાંઈ જ નહિ' એવો થાય છે.

દા.ત. My bag is empty. There is **nothing** in it.

**(9) Some (સમ) કેટલુંક:** 'Some' એટલે 'કેટલુંક' અથવા 'થોડું'. જથ્થાવાચક અથવા ગણી શકાય તેવી વ્યકિત કે વસ્તુ માટે આ સર્વનામ વપરાય ત્યારે તેની સાથે બહુવચનનું ક્રિયાપદ વપરાય છે. પણ પ્રવાહી માટે આ સર્વનામ વપરાય ત્યારે તેની સાથે એકવચનનું ક્રિયાપદ વપરાય છે.

દા.ત.

(1) **Some** were present in the class.
(2) Is there **any** milk in the cup? There is **some**.

**(10) Somebody (સમબડી) કોઈક:** 'Somebody' એટલે કોઈ એક વ્યકિત. કોઈક કે તે કોણ છે તેની ખબર નથી તેવી વ્યકિત. આ સર્વનામ વપરાય ત્યારે તેની સાથે એકવચનનું ક્રિયાપદનું રૂપ વપરાય છે.

નોંધ: કોઈક વસ્તુ માટે 'Somebody' વપરાય છે. 'કોઈક વસ્તુ, થોડીક વસ્તુ' ના અર્થમાં આ સર્વનામ વપરાય છે.

દા.ત.

(1) There is **something** in your bag.
(2) **Somebody** is there in the office.

**(11) Many (મેની) ઘણું:** 'Many' એટલે ઘણી વસ્તુ અથવા ઘણી વ્યકિત.

દા.ત. **Many** saw the fire, but none called the fire brigade.

**(12) Much (મચ) ઘણું:** 'Much' એટલે ઘણું. પ્રવાહી અથવા ન ગણી શકાય તેવી વસ્તુ માટે આ સર્વનામ વપરાય છે.

દા.ત. **Much** of knowledge is gained by experiences.

**(13) One and the other (વન એન્ડ ધ અધર) એક અને બીજું:** 'One and the other' એક અને બીજી એક વસ્તુ કે વ્યકિતના સંદર્ભમાં વપરાય છે. One એટલે એક અને

Institute For Competitive Exam TTC SINCE - 2010

the other એટલે તે માંહેની બીજી વસ્તુ કે વ્યકિત. બંને સાથે કાળ પ્રમાણે ક્રિયાપદનું એકવચનનું રૂપ વપરાય છે.

દા.ત. He has two pens. **One** is new and **the other** is old.

**(14) The others (ધ અધર્સ) બીજા:** થોડીક સિવાયની બાકીની બીજી બધી વ્યકિત કે વસ્તુના સંદર્ભમાં The others વપરાય છે. આ સર્વનામ સાથે બહુવચનનું ક્રિયાપદનું રૂપ વપરાય છે.

દા.ત. There are fifty pupils in my class. Some are clever and **the others** are weak.

## 5. Distributive Pronouns:

એક સમયે એક જ વસ્તુ, વ્યકિત કે સ્થળને માટે વપરાતા Each, eihter, neither જયાં સર્વનામને Distributive Pronouns કહે છે.

**Now study the following sentences:**

(1) **Each** of the boys spoke well.
છોકરાઓમાંનો **દરેક** સારું બોલ્યો હતો.

(2) Give the cake to **either** of the boys.
છોકરાઓ (બે) માંથી **કોઈને** કેક આપીદો.

(3) I like **neither** of them.
મને તેમાંનો **કોઈ** પસંદ **નથી**.

(4) Look at these five boys. **Everyone** of them is tall.
આ પાંચ છોકરાઓને જુઓ તેમાંનો **દરેક** ઊંચો છે.

(5) I bought these shirts for Rs. 500 **each.**
આ શર્ટ્સને ૫૦૦ નો **એક** લેખે ખરીદ્યો હતો.

## 6. Reciprocal Pronouns:

'Each other' અને 'One another' બે Reciprocal Pronouns છે, જેનો અર્થ 'એકબીજાને' કે 'પરસ્પર' એવો થાય છે. બે વ્યકિત વચ્ચે નિસ્બત ધરાવતી વાત હોય છે ત્યારે 'Each other' વપરાય છે. પરંતુ બેથી વધુ વ્યકિતઓ વચ્ચે નિસ્બત ધરાવતી વાત હોય તો 'One another' વપરાય છે.

દા.ત. Jay and Veeru help **each other**.
Players wished good luck to **one another**.

સામાન્ય રીતે આ સર્વનામો કર્મના સ્થાને વપરાય છે. ક્યારેક 'with' જેવા preposition સાથે વપરાય છે.

નોંધ: નામનો ઉપયોગ કરવો.

Raj and Ram use **each other's** pen.
My classmates use **one another's** books.

## 7. Interrogative Pronouns :

Interrogative Pronouns એટલે પ્રશ્નસૂચક સર્વનામ. Who, Which અને What એમ મુખ્ય ત્રણ પ્રશ્નસૂચક સર્વનામ છે.

**(1) (A) Who (હુ) કોણ:** 'Who' એટલે કોણ. 'Who' મનુષ્ય જાતિ માટે 'પ્રશ્નસૂચક સર્વનામ' તરીકે વપરાય છે, જે કર્તા વગેરે સૂચવે છે. 'Who' નાં બીજાં બે રૂપો નીચે મુજબ છે.

**(B) Whom (હુમ):** કોને : 'Whom' એટલે કોને. 'Whom' કર્મ વગેરે સૂચવે છે.

**(C) Whose (હુઝ):** કોનું : 'Whose' ની માલિકીનો અર્થ સૂચવે છે એટલે કે સંબંધકરૂપ સૂચવે છે.

દા.ત.

(1) **Who** teaches you Maths? (તમને ગણિત કોણ શીખવે છે?)

(2) **Whom** did you see in the office? (ઓફિસમાં તમે કોને જોયા?)

(3) **Whose** novel is this? (આ નવલકથા કોની છે?)

**(2) Which (વીચ) કયું:** 'Which' કોણ, કયું, કઈ, કયો એવો અર્થ સૂચવે છે. 'Which' કર્તા વિભકિત તરીકે વપરાય ત્યારે તેના પછી ક્રિયાપદ આવે છે. 'Which' વ્યકિત તેમજ વસ્તુ માટે પસંદગીના અર્થમાં પણ વાપરી શકાય છે.

દા.ત.

(1) **Which** is your watch? (તમારી ઘડિયાળ કઈ છે?)

(2) **Which** of the boys wrote this poem? (છોકરાઓ માંહેના કયા છોકરાએ આ કવિતા લખી?)

**(3) What (વોટ) શું:** 'What' એટલે શું. 'What' ફક્ત નિર્જીવ વસ્તુ માટે વપરાય છે.

દા.ત.**What** is your name? (તમારું નામ શું છે?)

**નોંધ:** 'Which' અને 'What' સાથે નામ વપરાય ત્યારે તે વિશેષણનું કાર્ય કરે છે. એટલે કે પસંદગીનો ભાવ સૂચવે છે.

## 8. Other Interrogative Words:

**(1) When (વ્હેન) જયારે-ત્યારે:** 'જયારે-ત્યારે'ના સંદર્ભમાં પ્રશ્નાર્થ વાક્યમાં પ્રશ્નાર્થસૂચક શબ્દ તરીકે સમય પૂછવા માટે 'When' વપરાય છે. 'કયારે'ના સંદર્ભમાં વપરાય છે.

દા.ત. **When** did you arrive?

**(2) Why (વ્હાઈ) શા માટે:** 'Why' એટલે 'શા માટે'. કારણ પૂછવા માટે શબ્દ વપરાય છે.

દા.ત. **Why** did you go early?

**(3) Where (વ્હેર) કયાં:** 'Where' એટલે 'કયાં' એટલે કે સ્થળના સંદર્ભમાં આ શબ્દ વપરાય છે.

દા.ત. **Where** do you stay?

**(4) What (વોટ) શું:** 'What' એટલે 'શું'. ધંધાના કે વ્યવસાયના સંદર્ભમાં પણ આ પ્રશ્નાર્થ શબ્દ વપરાય છે.

દા.ત. (1) **What** do you like?
(2) **What** is your father?

**(5) Which (વીચ) કયું-કઈ:** કયું, કઈ, કયો? પસંદગીનો ભાવ સૂચવવા વ્યકિત અને વસ્તુ બંને માટે 'Which' વાપરી શકાય છે.

દા.ત. (1) **Which** song do you sing?
(2) **Which** of them got the priz?

**(6) How far (હાઉ ફાર) કેટલું દૂર:** અંતરના સંદર્ભમાં 'કેટલું દૂર' તેવો ભાવ સૂચવવા 'How far' વપરાય છે.

દા.ત. **How far** did you go?

**(7) How long (હાઉ લોંગ) કેટલો સમય:** સમયના સંદર્ભમાં 'કેટલો સમય' તેવો ભાવ સૂચવવા 'How long' વપરાય છે. લંબાઈ સૂચવવા પણ 'How long' વપરાય છે.

દા.ત. (1) **How long** will you stay at Delhi?
(2) **How long** is the tunnel?

**(8) How much (હાઉ મચ) કેટલું:** 'How much' એટલે કેટલું. અહીંયાં ન ગણી શકાય તેવા પ્રવાહી કે પદાર્થનો જથ્થો સૂચવવા માટે આ પ્રશ્નાર્થસૂચક શબ્દ વપરાય છે.

દા.ત. **How much** sugar do you eat?

**(9) How many (હાઉ મેની) કેટલું:** 'How many' એટલે કેટલાં, કેટલું ના અર્થમાં ગણી શકાય તેવા પદાર્થ માટે વપરાય છે.

દા.ત. **How many** books do you want?

**(10) How deep (હાઉ ડીપ) કેટલું ઊંડું:** 'How deep' એટલે 'કેટલું ઊંડું'. ઊંડાઈના સંદર્ભમાં આ પ્રશ્નાર્થસૂચક શબ્દ વપરાય છે.

દા.ત. **How deep** is the river?

**(11) How often (હાઉ ઓફન) કેટલી વાર:** 'How often' એટલે કેટલી વાર.

દા.ત. **How often** you visit the temple?

## 9. Other Function Words:

**(1) A little (અ લિટલ) થોડુંક:** થોડુંક, કેટલુંક તે અર્થમાં પ્રવાહી પદાર્થ માટે એકવચનમાં 'a little' શબ્દ વપરાય છે. એકલું 'Little' વપરાય તો તેનો અર્થ 'નહિવત્' એમ નકાર થાય છે.

દા.ત. There is **a little** milk in the glass.

**(2) A few (અ ફ્યુ) થોડું, કેટલુંક:** તે અર્થમાં પદાર્થ માટે અને વ્યકિત માટે 'a few' શબ્દ વપરાય છે. એકલું 'Few' વપરાય તો તેનો અર્થ 'નહિવત્' એમ નકાર થાય છે.

દા.ત. There are **a few** valuable novels in our library.

**(3) Ever (એવર) કદી, કયારેય:** કયારેય, કદી એવો ભાવ સૂચવવા પૂર્ણ વર્તમાનકાળમાં પ્રશ્નાર્થ વાકયમાં 'ever' વપરાય છે.

દા.ત. Have you **ever** seen the Taj-Mahal?

**(4) Never (નેવર) કદી નહિ:** કદી નહિ, કયારેય નહિ તેવો ભાવ સૂચવવા સામાન્ય રીતે પૂર્ણ વર્તમાનકાળમાં 'never' વપરાય છે.

દા.ત. I have **never** seen the Taj-Mahal?

**(5) Yet (યેટ) તેમ છતાં:** છતાં પણ, હજી સુધી એવો ભાવ દર્શાવવા સામાન્ય રીતે પૂર્ણ વર્તમાનકાળમાં 'yet' વપરાય છે.

દા.ત. He hasn't finished his project **yet**.

**(6) How ever (હાઉ એવર) તેમ છતાં:** તેમછતાં, જોકે છતાં એવો ભાવ સૂચવવા 'However' વપરાય છે.

દા.ત. **How ever** fat he is, he is active.

**(7) Already (ઓલ રેડી) કયારનુંય:** કયારનુંય અથવા તદન પૂર્ણ થયેલ કાર્ય માટે પૂર્ણ વર્તમાનકાળમાં 'Already' વપરાય છે.

દા.ત. I have **already** finished my project.

**(8) Either (આઈધર) બે માંથી એક:** બે માંથી એક વિકલ્પ સૂચવે ત્યારે 'Either' વપરાય છે.

દા.ત. **Either** of these two books are of Grammar.

**(9) Neither (નાઈધર) બે માંથી એકપણ નહિ:** બે માંથી એકપણ નહિ એવો ભાવ સૂચવવા 'Neither' વપરાય છે.

દા.ત. Both the pupils were dull. **Neither** of them cleared the test.

**(10) Since (સીન્સ) ત્યારથી:** ત્યારથી તે સમયથી એમ ચોક્કસ સમય માટે 'Since' વપરાય છે.

**Since** morning, Since 10 o'clock, Since Sunday, Since teenage વગેરે ચોક્કસ (Point of Time) સમય દર્શાવે છે.

દા.ત. Jay has lived in Surat **since** is birth.

**(11) For (ફોર) ત્યારથી:** ત્યારથી, તે સમયથી એ અર્થમાં અચોક્કસ સમયના ગાળા માટે 'For' વપરાય છે.

દા.ત. Raj has been here **for** a month.

**(12) Hardly (હાર્ડલી) / Scarcely (સ્કેર્સલી) ભાગ્યેજ:** 'Hardly', 'Scarcely' એટલે ભાગ્યે જ.

દા.ત. **Hardly/Scarcely** had I finished my lunch when he called me.

**(13) So that (સો ધેટ) જેથી:** 'So-that' એટલે 'જેથી'. કોઈ ક્રિયાના અનુસંધાનમાં પરિણામ સૂચવવા વપરાય છે.

દા.ત. He was **so** ill **that** he could not go to the party.

## 10. Relative Pronouns :

**who, whom, whose, which, that, what** મુખ્ય Relative Pronouns :

સંબંધક સર્વનામો ઉલ્લેખ થયેલાં નામની સાથે માત્ર વાતનો તંતુ જ જોડતાં નથી, પરંતુ તેઓ બે વાકયને પણ જોડવાનું કાર્ય કરે છે. તેથી તેઓને Conjuctive Pronouns પણ કહે છે.

### ◈ Who/Which:

| Case | Singular/Plural | Singular/Plural |
|---|---|---|
| Subjective | Who | Which |
| Objective | Whom | Which |
| Possessive | Whose | Whose/of which |

**(A) who, whom are used of persons:**

**who(જે)** તથા **whom (જેને)** નો ઉપયોગ વ્યકિતઓ માટે થાય છે.

(1) This is the man **who** helped me.
આ એ માણસ છે **જેણે** મને મદદ કરી હતી.

(2) This is the boy **whom** all admire.
આ એ છોકરો છે **જેને** બધા વખાણે છે.

**(B) Whose (જેનું)** નો ઉપયોગ પણ વ્યકિતઓ માટે થાયછે, પરંતુ કયારેક નિર્જીવ વસ્તુઓ માટે પણ કરી શકાયછે.

(1) This is the lady whose son won the first prize.
આ એ સ્ત્રી છે **જેનો** દીકરો પ્રથમ ઈનામ જીત્યોછે.

**(C) Which** નો ઉપયોગ તુચ્છ પ્રાણીઓ તેમજ નિર્જીવ વસ્તુઓ માટે થાય છે.

(1) That is the cow **which** Karshanbhai bought this year.
પેલી એ ગાય છે જે આ વર્ષે કરશનભાઈએ ખરીદી હતી.

(2) The toy **which** Jiya liked much was expensive.
રમકડું **જે** જીયાને ગમ્યું હતું તે ખૂબ જ મોંઘું હતું.

**(D) Which** નો ઉપયોગ વાક્યાંશ માટે પણ થાય છે.

(1) You have paid your debts, **which** is a clear proof of your honesty.
તમે તમારા દેવા ચૂકવી દીધા છે જે તમારી પ્રમાણિકતાનું સ્પષ્ટ સાબીતી છે.

(2) She spoke the truth on his face, **which** is a kind of bravery.
તેણીએ તેનો મોઢે-મોઢે સત્ય કહી દીધું જે એક પ્રકારની બહાદૂરી છે.

### ◈ What :

**What** માત્ર નિર્જીવનો ઉલ્લેખ કરે છે. તેનો ઉપયોગ કર્તા તથા કર્મ વિભકિતના એકવચન તરીકે જ થાય છે.

(1) I don't know **what** you say.
તમે **જે** કહ્યું તે મને ખબર નથી.

(2) This is **what** I wanted to prove.
આ જ તો મારે સાબીત કરવું હતું.

(3) **What** is done can not be undone.
**જે** થઈ ગયું હોય તે બદલી શકાતું નથી.

### ◈ That :

**(A) That** નો ઉપયોગ છઠ્ઠી વિભકિત (માલિકીભાવ) માટે થતો નથી. તે વ્યકિત અને વસ્તુ એક બંને માટે વપરાય છે. તેનો ઉપયોગ preposition પછી થતો નથી. **That** કોઈ ઉપવાક્ય (clause) ને વ્યકત કરવા માટે વપરાય છે.

(1) I have lost the book **that** you gave me.
તમે **જે** પુસ્તક મને આપ્યું હતું તે મેં ગુમાવી દીધુંછે.

(2) All **that** I said didn't affect her at all.
મેં **જે** કહ્યું હતું તેની તેણી પર કંઈ અસર ન હતી.

**(B) That is used in Superlative Degree after Adjectives.**

**That** નો ઉપયોગ શ્રેષ્ઠતાવાચક ડીગ્રીમાં વિશેષણ બાદ થાય છે.

(1) Amitabh is the best actor **that** Hindi Film In dustry has ever had.
અમિતાભ એ શ્રેષ્ઠ કલાકાર છે **જે** હિન્દી ફિલ્મ ઉદ્યોગને મળ્યો છે.

(2) She is the most beautiful girl **that** I have ever seen.
મેં જોયેલી સ્ત્રીઓમાંથી તેણી સૌથી સુંદર સ્ત્રી છે

**(C) That** નો ઉપયોગ all, same, any, none, nothing જેવા શબ્દો બાદ થતો જોવા મળે છે.

(1) All **that** glitters is not gold.
બધુ જ **જે** ચમકે છે તે સોનું નથી.

**Now study the following sentences:**

(1) I know the man **who** lives here.
હું એ માણસને ઓળખું છું **જે** અહીં રહે છે.

(2) These are the girls **whom** I taught last year.
આ એ છોકરી છે **જેને** મેં ગત વર્ષે ભણાવી હતી.

(3) This is the boy **whose** father you know.
આ એ છોકરો છે **જેના** પિતાને તમે ઓળખો છો.

(4) This is the house **which** was built last year.
આ એ ઘર છે જે ગત વર્ષે ચણાયું છે.

(5) This is **what** you want.
આ એ છે **જે** તમારે જોઈએ છે.

(6) Where are the toys **that** I brought for you?
રમકડાઓ **જે** હું તમારા માટે લઈ આવ્યો હતો તે કયાં છે?

(7) The boys **whom** you met yesterday are from Mumbai.
છોકરાઓ **જેને** તમે કાલે મળ્યાં તે મુંબઈના છે.

(8) This is the man **who** saved your son.
આ એ વ્યકિત છે **જેણે** તમારા પુત્રને બચાવ્યો હતો.

(9) The man **whose** house you have bought has come.
એ વ્યકિત, **જેનું** મકાન તમે ખરીદીયું છે, તે આવ્યા છે.

(10) All **that** I did for them went into vain.
મેં તેઓની માટે **જે** કાંઈ કર્યું એ વ્યર્થ ગયું હતું.

## EXERCISE

(1) Bhairavi is in Std. XIIth .............. is a clever student. (She, Her, Hers)

(2) Elephant's trunk is long, but .............. tail is short. (its, it's, it)

(3) I can see Krupaben's house from here, but I can't see .............. (you, yours, your's)

(4) I have many friends .............. families are in the city. (whose, which, who)

(5) Many times he helps those .............. he doesn't know. (who, whom, which)

(6) The girl .............. you scolded was crying. (who, which, whom)

(7) .............. of his sons is hard working. (Each, Some, All)

(8) The staff-room is empty. There is .............. in it. (some one, no one, every one)

(9) I have bought one pen. But now I want to buy .............. one. (all, the other, others)

(10) Gandhiji .............. confessed his crime to his father. (himself, myself, yourselves)

(11) You should not think of .............., Mina. (yourself, yourselves, ourself)

(12) The students should work with ............ co-operation. (one another's, each others, every others)

(13) Hiral and Bhairavi are good friends but sometimes both quarrel with .............. (each other, one another, every other)

(14) .............. is the news? (What, Who, Whom)

(15) .............. do you know in this city? (Who, Whom, Whose)

Institute For Competitive Exams TTC SINCE - 2010

# 15 QUESTION TAGS (અનુ પ્રશ્ન)

જેમ ગુજરાતીમાં 'ખરૂને?', 'એમને?', 'બરાબરને?' વગેરે શબ્દોનો ઉપયોગ કરીએ છીએ તેમ અંગ્રેજીમાં Question Tag વપરાય છે.

જો હકાર વાક્ય હોય તો નકાર Question Tag અને નકાર વાક્ય હોય તો હકાર Question Tag બને છે.

He is a singer, **Isn't he?**
We are friends, **Aren't we?**
I am a teacher, **Aren't I?**
He will be busy, **Won't he?**
We shall be happy, **Shan't we?**

- આવી જ રીતે wasn't, weren't, haven't, hasn't, hadn't, can't, couldn't બને છે.
- સાદા વર્તમાનકાળ અને સાદો ભૂતકાળ નું Question Tag

We read books, **don't we?**
Nisha sings a song, **doesn't she?**
Boys played football, **didn't they?**

- નકારાત્મક વાક્ય હોય તો Question Tag હકાર બને છે.

I am not a teacher, **Am I?**
He does not watch TV, **Does he?**
He will not come here, **Will he?**

- None, Nobody, Everybody, Somebody, Someone જેવા એકવચનના વ્યકિતવાચક અનિશ્ચિત સર્વનામો સાથે Question Tag તરીકે કર્તાનું રૂપ They મૂકાય.

Nobody helped, **did they?**
Everybody has arrived, **Haven't they?**

- A few, Lots of, Many, All, Few જેવા બહુવચનના અનિશ્ચિત સર્વનામો સાથે Question Tagમાં કર્તાનું રૂપ They મૂકાય છે.

A few books are stolen, **Aren't they?**
Many boys complained, **Didn't they?**

- Let's સાથે હકાર અને નકારમાં Question Tag 'Shall we?' વપરાય છે.

Let's go far a walk, **shall we?**
Let's not discuss it, **shall we?**

- આજ્ઞાર્થ વાક્ય હકાર હોય કે નકાર તેમાં Question Tag 'Will you ?' વપરાય છે.

Watch carefully, **will you?**
Don't make a noise, **will you?**

- Everything, Something, Nothing, Little, A little જેવા વસ્તુવાચક અનિશ્ચિત સર્વનામો સાથે Question Tagમાં કર્તા તરીકે 'It' વપરાય છે.

A little milk is in the cup, **isn't it?**
Little water is in jug, **is it?**

**FILL IN THE BLANKS**

1. We shall attend the meeting,_________?
2. You should obey your parents,___________?
3. Good people respect honesty,___________?
4. I do not feel well,____________?
5. Little water is in the jug,_________?
6. You eat mangoes,______________?
7. I am going to end this story,______________?
8. He sings songs well,________________?
9. Girls talk much,________________?
10. You haven't heard anything about Jay,______?
11. He has been to Delhi,_________?
12. Nobody helped me,_____________?
13. I shall overcome this,__________?
14. Pragna will be in the office,___________?
15. We did not answer properly,__________?
16. Many birds had been killed,__________?
17. The ply wasn't thick enough,_________?
18. Lots of workers were absent,_____________?
19. My father will mail you,___________?
20. You will get the letter tomorrow,_________?
21. They can not sit silently,_____________?
22. They could not hear you,_________?
23. Don't make a noise,__________?
24. Bolt can run fast,___________?
25. I am not so careless as you.________?
26. I shall not bear this,_____________?
27. Trains go every five minutes,___________?
28. My uncle teaches well,_____________?
29. Eat fresh fruit,_____________?
30. Let's go for a movie,_____________?

A Institute For Competitive Exam TTC SINCE - 2010

# NUMBERS

◈ **Noun (નાઉન) નામ :** ''વ્યક્તિ, વસ્તુ, પ્રાણી, પશુ, પક્ષી, પદાર્થ વગેરેને ઓળખવા માટે આપવામાં આવેલ નામને **Noun** કહે છે.''

◈ Noun (નામ)નું Singular (સિન્ગ્યુલર્) એકવચન અને Plural (પ્લૂરલ્) બહુવચન થાય છે.

**(1) Singular (એકવચન) :**

''જે નામ એક વ્યક્તિ, એક વસ્તુ, એક પ્રાણી, એક પશુ, એક પક્ષી વગેરેનો ઉલ્લેખ કરે તે એકવચન નામ હોય છે.'' **દા.ત.** a boy (એક છોકરો), a dog (એક કૂતરો).

**(2) Plural (બહુવચન) :**

''જે નામ એક કરતાં વધુ વ્યક્તિઓ, વસ્તુઓ, પ્રાણીઓ, પશુઓ પક્ષીઓનો ઉલ્લેખ કરે તે બહુવચન નામ હોય છે.'' **દા.ત.** boys (છોકરાઓ), dogs (કૂતરાઓ).

એકવચન નામોની આગળ **Article-A** કે **An** લાગે છે, પરંતુ **બહુવચન** નામોની આગળ લાગતો **નથી**.

**હવે આપણે નામનું એકવચનમાંથી બહુવચન કરવાના નિયમોનો અભ્યાસ કરીશું:**

◈ **Rule No.1 :** ''સામાન્ય રીતે એકવચન નામની પાછળ 'S' પ્રત્યય લગાડવાથી તેનું બહુવચન થાય છે.'' **e. g. :**

| **Singular** | **Plural** |
|---|---|
| a cat (અ કેટ) બિલાડી | cats (કેટ્સ) બિલાડીઓ |
| a book (અ બુક) ચોપડી | books (બુક્સ) ચોપડીઓ |
| a pen (અ પેન) કલમ | pens (પેન્સ) કલમો |
| a hen (અ હેન) મરઘી | hens (હેન્સ) મરઘીઓ |
| a girl (અ ગર્લ) છોકરી | girls (ગર્લ્સ) છોકરીઓ |
| a ball (અ બોલ) દડો | balls (બોલ્સ) દડાઓ |
| a bird (અ બર્ડ) પક્ષી | birds (બર્ડ્ઝ) પક્ષીઓ |
| a chair (અ ચેઅર્) ખુરશી | chairs (ચેઅર્સ) ખુરશીઓ |

◈ **Rule No.2 :** ''જો એકવચન નામના અંતે s, ss, ch, sh, x કે z હોય તો તેનું બહુવચન પાછળ **'ES'** પ્રત્યય લગાડવાથી થાય છે.'' **e. g. :**

| **Singular** | **Plural** |
|---|---|
| a bus (અ બસ) બસ | buses (બસીઝ) બસો |
| a glass (અ ગ્લાસ) પ્યાલો | glasses (ગ્લાસીઝ) પ્યાલાઓ |
| a class (અ કલાસ) વર્ગ | classes (કલાસીઝ) વર્ગો |
| a dress (અ ડ્રેસ) પોશાક | dresses (ડ્રેસીઝ) પોશાકો |
| a lioness (અ લાયનેસ) સિંહણ | lionesses (લાયનેસીઝ) સિંહણો |
| a match (અ મેચ) દિવાસળી | matches (મેચિઝ) દિવાસળીઓ |
| a watch (અ વોચ) ઘડિયાળ | watches (વોચિઝ) ઘડિયાળો |
| a bench (અ બેન્ચ) બાકડો | benches (બેન્ચિઝ) બાકડાઓ |
| a church (અ ચર્ચ) દેવળ | churches (ચર્ચીઝ) દેવળો |
| a dish (અ ડીશ) થાળી | dishes (ડીશીઝ) થાળીઓઓ |
| a bush (અ બુશ) છોડવો | bushes (બુશીઝ) છોડવાઓ |
| a box (અ બોક્સ) પેટી | boxes (બોક્સીઝ) પેટીઓ |
| a fox (અ ફોક્સ) શિયાળ | foxes (ફોક્સીઝ) શિયાળો |
| a buzz (અ બઝ) ગણગણાટ | buzzes (બઝીઝ) ગણગણાટો |
| a quiz (અ કવીઝ) કોયડો | quizzes (કવીઝીઝ) કોયડાઓ |
| a fez (અ ફેઝ) લાલ તુર્કી ટોપી | fezzes (ફેઝીઝ) લાલ તુર્કી ટોપીઓ |

◈ **Rule No.3 :** ''જો એકવચન નામના અંતે 'o' હોય અને 'o' ની આગળ વ્યંજન હોય તો તેનું બહુવચન પાછળ 'es' પ્રત્યય લગાડવાથી થાય છે.'' **e. g. :**

| **Singular** | **Plural** |
|---|---|
| a mango (અ મેન્ગો) કેરી | mangoes (મેન્ગોઝ) કેરીઓ |
| a potato (અ પોટેટો) બટેટું | potatoes(પોટેટોઝ) બટેટાઓ |
| a tomato (અ ટોમેટો) ટમેટું | tomatoes (ટોમેટોઝ) ટમેટાંઓ |
| a hero (અ હીરો) નાયક | heroes (હીરોઝ) નાયકો |
| a negro (અ નીગ્રો) હબસી | negroes (નીગ્રોઝ) હબસીઓ |
| a echo (અ એકો) પડઘો | echoes (એકોઝ) પડઘાઓ |
| a buffalo (અ બફેલો) ભેંસ | buffaloes (બફેલોઝ) ભેંસો |

◈ **Rule No.4 :** ''જો એકવચન નામના અંતે 'o' હોય અને 'o' ની આગળ સ્વર હોય તો તેનું બહુવચન પાછળ 's' પ્રત્યય લગાડવાથી થાય છે.'' **e. g. :**

| **Singular** | **Plural** |
|---|---|
| a radio (અ રેડિઓ) રેડિયો | radios (રેડિયોસ) રેડિયાઓ |
| a studio (અ સ્ટુડિયો)સ્ટુડિયો | studios(સ્ટુડિયોસ) સ્ટુડિયાઓ |
| a bamboo (અ બેમ્બૂ) વાંસડો | bamboos (બેમ્બુસ) વાંસડાઓ |
| a cuckoo (અ કુકૂ) કોયલ | cuckoos (કુકૂસ) કોયલો |

◈ **Rule No.5 :** ''કેટલાંક નામો એવાં છે કે જેમના અંતે 'o' હોય અને 'o' ની આગળ વ્યંજન હોય છતાં તેનું બહુવચન માત્ર 's' પ્રત્યય લગાડવાથી થાય છે.'' **e. g. :**

| **Singular** | **Plural** |
|---|---|
| tobacco (ટોબેકો) તમાકુ | tobaccos (ટોબેકોસ) જુદી-જુદી જાતની તમાકુઓ |
| a photo (અ ફોટો) ફોટો | photos (ફોટોસ) ફોટાઓ |
| an Eskimo (અ એસ્કીમો) એસ્કીમો | Eskimos (એસ્કીમોસ) એસ્કીમો |
| a piano (અ પિએનો) પિયાનો | pianos (પિએનોસ) પિયાનાઓ |
| a Fillipino (અ ફિલિપાઈનો) ફિલિપાઈનો | Fillipinos (ફિલિપાઈનોસ) ફિલિપાઈન્સના લોકો |

◈ **Rule No.6 :** ''જો એકવચન નામના અંતે 'y' હોય અને 'y' ની આગળ વ્યંજન હોય તો તેનું બહુવચન કરતી વખતે 'y' નો 'i' કરી પાછળ 'es' પ્રત્યયલાગે છે, એટલે કે 'y' કાઢીને 'ies' થઈ જાય છે.'' **e. g. :**

| **Singular** | **Plural** |
|---|---|
| a lady (લેડી) સ્ત્રી | ladies (લેડીઝ) સ્ત્રીઓ |
| a baby (અ બેબી) બાળક | babies(બેબીઝ) બાળકો |
| an army (એન આર્મિ) લશ્કર | armies (આર્મિઝ) લશ્કરો |
| a navy (અ નેવી) નૌકાસૈન્ય | navies(નેવીઝ) નૌકા સૈન્યો |
| a lily (લિલી) સફેદ કમળ | lilies (લિલીઝ) સફેદ કમળો |
| an ally (એન અલાયૃ) સાથી | allies(અલાયૃઝ) સાથીકો |
| a fly (અ ફ્લાયૃ) માખી | flies (ફ્લાઈઝ) માખીઓ |
| a spy (અ સ્પાયૃ) જાસૂસ | spies(સ્પાયૃઝ) જાસૂસો |
| a copy (અ કોપી) નકલ | copies (કોપીઝ) નકલો |
| a fairy (અ ફેઅરી) પરી | fairies(ફેઅરીઝ) પરીઓ |
| a family (અ ફેમિલી) કુટુંબ | families (ફેમિલિઝ) કુટુંબો |
| a story (અ સ્ટોરી) વાર્તા | stories(સ્ટોરીઝ) વાર્તાઓ |

◈ **Rule No.7 :** ''જો એકવચન નામના અંતે 'y' હોય અને 'y' ની આગળ સ્વર હોય તો તેનું બહુવચન માત્ર 's' પ્રત્યય લગાડવાથી થાય છે.'' **e. g. :**

| **Singular** | **Plural** |
|---|---|
| a boy (અ બોય) છોકરો | boys (બોય્ઝ) છોકરાઓ |
| a toy (અ ટોય) રમકડું | toys(ટોય્ઝ) રમકડાંઓ |
| a key (અ કી) ચાવી | keys (કીઝ) ચાવીઓ |
| a tray (અ ટ્રે) ડીશ | trays(ટ્રેઝ) ડીશો |
| a ray (અ રે) કિરણ | rays (રેઝ) કિરણો |
| a day (અ ડે) દિવસ | days(ડેઝ) દિવસો |
| a valley (અ વેલી) ખીણ | valleys (વેલીઝ) ખીણો |
| a monkey (અ મંકી) વાંદરો | monkeys(મંકીઝ) વાંદરાઓ |
| a donkey (અ ડોન્કી) ગધેડો | donkeys(ડોન્કીઝ) ગધેડાઓ |

◈ **Rule No.8 :** ''જો એકવચન નામના અંતે 'f' કે 'fe' હોય અને તેની આગળ 'L' કે **Long Vowel** (લાંબા ઉચ્ચારવાળા સ્વર i,a,e, વગેરે) હોય તો તેનું બહુવચન કરતી વખતે 'f' કે 'fe' નીકળી જાય છે અને તેની જગ્યાએ 'ves' લાગે છે.'' **e. g. :**

| Singular | Plural |
|---|---|
| a calf (અ કાફ) વાછરડું | calves (કાવ્ઝ) વાછરડાઓ |
| a shelf (અ શેલ્ફ) અભેરાઈ | shelves(શેલ્વ્ઝ) અભેરાઈઓ |
| a life (અ લાઈફ) જીવન,જિંદગી | lives (લાઈવ્ઝ) જિંદગીઓ |
| a wife (અ વાઈફ) પત્ની | wives(વાઈવ્ઝ) પત્નીઓ |
| a thief (અ થીફ) ચોર | thieves (થીવ્ઝ) ચોરો |
| a sheaf (અ શીફ) પૂળો,ભારી | sheaves(શીવ્ઝ) ભારીઓ |
| a leaf (અ લીફ) પાંદડું | leaves(લીવ્ઝ) પાંદડાંઓ |
| a loaf (અ લોફ) રોટલો | loaves (લોવ્ઝ) રોટલાઓ |
| a wolf (અ વુલ્ફ) વરુ | wolves(વુલ્વ્ઝ) વરુઓ |
| a knife (અ નાઈફ) છરી | knives(નાઈવ્ઝ) છરીઓ |

◈ **Rule No.9 :** ''કેટલાંક નામો એવાં છે કે જેમના અંતે 'f' કે 'fe' હોવા છતાં તેનું બહુવચન કરતી વખતે 'ves' થતું નથી, પરંતુ માત્ર 's' લાગે છે.'' **e. g. :**

| Singular | Plural |
|---|---|
| a belief (અ બિલીફ) માન્યતા | beliefs (બિલીફ્સ) માન્યતાઓ |
| a grief (અ ગ્રીફ) દુઃખ | griefs(ગ્રીફ્સ) દુઃખો |
| a relief (અ રિલીફ)રાહત,છુટકારો | reliefs (રિલીફ્સ) રાહતો |
| a chief (અ ચીફ) મુખ્ય માણસ | chiefs(ચિફ્સ) મુખ્ય માણસો |
| a roof (અ રૂફ) છાપરું | roofs (રૂફ્સ) છાપરાઓ |
| a proof (અ પ્રૂફ) સાબિતી,સબુત | proofs(પ્રૂફ્સ) સાબિતીઓ |
| a hendkerchief (અ હેન્ડકરચીફ) રૂમાલ | handkerchiefs (બિલીફ્સ) રૂમાલો |
| a scarf (અ સ્કાર્ફ) દુપટ્ટો | scarfs(ગ્રીફ્સ) દુપટ્ટાઓ |
| a gulf (અ ગલ્ફ) અખાત | gulfs (બિલીફ્સ) અખાતો |
| a safe (અ સેફ) તિજોરી | safes(ગ્રીફ્સ) તિજોરીઓ |

◈ **Rule No.10 :** ''જો એકવચન નામના અંતે 'ff' હોય તો તેનું બહુવચન માત્ર 's' લગાડવાથી થાય છે.'' **e. g. :**

| Singular | Plural |
|---|---|
| a cliff (અ કિલફ) ભેખડ | cliffs (કિલફ્સ) ભેખડો |
| a cuff (અ કફ) બાંયનો છેડો | cuffs(કફ્સ) બાંયના છેડા |

◈ **Rule No.11 :** ''કેટલાંક નામો એવાં છે કે તેમના બહુવચનનાં રૂપો અનિયમિત છે. આવાં નામોના બહુવચનના રૂપ તેના એકવચનના રૂપની જોડણીમાં ફેરફાર કરીને થાય છે.'' **e. g. :**

| Singular | Plural |
|---|---|
| a man (અ મેન) માણસ | men (મેન) માણસો |
| a woman (અ વુમન) સ્ત્રી | women (વીમેન) સ્ત્રીઓ |
| a louse (અ લાઉસ) જૂ | lice (લાઈસ) જૂ (બ.વ.) |
| a foot (અ ફૂટ) પગ, ફૂટ | feet (ફીટ) પગો, ફૂટ |
| a goose (અ ગૂઝ) હંસ | geese (ગીસ) હંસો |
| a mouse (અ માઉસ) ઉંદર | mice (માઈસ) ઉંદરો |
| a tooth (અ ટૂથ) દાંત | teeth (ટીથ) દાંત (બ.વ.) |
| a ox (અ ઓકસ) બળદ | oxen (ઓકસન) બળદો |
| a child (અ ચાઈલ્ડ) બાળક | children (ચિલ્ડ્રન) બાળકો |
| a cow (અ કાઉ) ગાય | kine (કાઈન) ગાયો |
| a medium (અ મીડીયમ)માધ્યમ | media (મિડીયા) માધ્યમો |
| an axis (એન એક્સીસ) ધરી | axes (એક્સીસ) ધરીઓ |
| a datum (અ ડેટમ) માહિતી | data (ડેટા) માહિતીનો સમૂહ |
| an appendix (અ એપેન્ડિક્સ) પરિશિષ્ટ | appendices (એપેન્ડાઈસીસ) પરિશિષ્ટો |
| a bacterium (અ બેક્ટરીયમ) જીવાણુ | bacteria (બેક્ટેરીયા) જીવાણુઓ |
| an alumnus (એન એલ્યુમનસ) ભૂતપૂર્વ વિદ્યાર્થી | alumni (એલ્યુમની) ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ |
| a memorandum (અ મેમોરેન્ડમ) | memonranda (મેમોરેન્ડા) |
| a curriculum (અ કરિક્યુલમ) અભ્યાસક્રમ | curricula (કરિક્યુલા) અભ્યાસક્રમો |

◈ **Rule No.12 :** ''કેટલાંક નામો એવાં છે કે જેમના એકવચનના અને બહુવચનના બંને રૂપો સરખા છે.'' **e. g. :**

| Singular | Plural |
|---|---|
| a sheep (અ શીપ) ઘેટું | sheep (શીપ) ઘેટાંઓ |
| a deer (અ ડિઅર) હરણ | deer (ડીયર) હરણો |
| a dozen (અ ડઝન) ડઝન/બાર નંગ | dozen (ડઝન) ડઝન (બ.વ.) |
| a hundred (અ હન્ડ્રેડ) સો | hundred (હન્ડ્રેડ) સો (બ.વ.) |
| a thousand (અ થાઉઝન્ડ) હજાર | thousand (થાઉઝન્ડ) હજાર (બ.વ.) |
| a cannon (અ કેનન) તોપ | cannon (કેનન) તોપો |
| a swine (અ સ્વાઈન) ડુક્કર | swine (સ્વાઈન) ડુક્કરો |
| a pice (અ પાઈસ) પૈસો | pice (પાઈસ) પૈસા |

◈ **Rule No.13 :** ''જે નામો એક કરતાં વધુ શબ્દોના બનેલા હોય તેવાં સંયુકત નામોનું બહુવચન બેમાંથી મુખ્ય શબ્દને 's' કે 'es' લગાડવાથી થાય છે, એટલે કે મુખ્ય શબ્દનું બહુવચન કરવાનું રહે છે.'' **e. g. :**

| Singular | Plural |
|---|---|
| a son-in-law (અ સન-ઈન-લો) જમાઈ | sons-in-law (સન્સ-ઈન-લો) જમાઈઓ |
| a father-in-law (અ ફાધર-ઈન-લો) સસરા | fathers-in-law (ફાધર્સ-ઈન-લો) સસરાઓ |
| a daughter-in-law (અ ડોટર-ઈન-લો) પુત્રવધૂ | daughters-in-law (ડોટર્સ-ઈન-લો) પુત્રવધૂઓ |
| a step-son (અ સ્ટેપ-સન) સોતેલો દીકરો | step-sons (સ્ટેપ-સન્સ) સોતેલા દીકરાઓ |
| a step-daughter (અ સ્ટેપ-સન) સોતેલી દીકરી | step-daughters (સ્ટેપ-સન્સ) સોતેલી દીકરીઓ |
| a step-mother (અ સ્ટેપ-સન) સોતેલી માતા | step-mothers (સ્ટેપ-સન્સ) સોતેલી માતાઓ |
| a passer-by (અ પાસર-બાય) વટેમાર્ગુ | passers-by (પાસર્સ-બાય) વટેમાર્ગુઓ |
| a looker-on (અ લુકર-ઓન) દર્શક | lookers-on (લુકર્સ-ઓન) દર્શકો |
| a commander-in-chief (અ કમાન્ડર-ઈન-ચિફ) સરસેનાપતિ | connabders-in-chief (કમાન્ડર્સ-ઈન-ચિફ) સરસેનાપતિઓ |
| a maid-servant (અ મેઈડ-સર્વન્ટ) નોકરાણી | maid-servents (મેઈડ-સર્વન્ટ્સ) નોકરાણીઓ |
| a grand son (અ ગ્રાન્ડ સન) પૌત્ર | grand sons (ગ્રાન્ડ સન્સ) પૌત્રો |
| a great grand son (અ ગ્રેટ ગ્રાન્ડ સન) પડપૌત્ર | great grand sons (ગ્રેટ ગ્રાન્ડ સન્સ) પડપૌત્રો |
| a girl friend (અ ગર્લ ફ્રેન્ડ) ગર્લફ્રેન્ડ(પ્રેમિકા) | girl friends (ગર્લ ફ્રેન્ડ) ગર્લફ્રેન્ડ્સ (પ્રેમિકાઓ) |

◈ **Rule No.14 :** ''કેટલાંક સંયુકત નામો એવાં છે કે તેમનું બહુવચન કરવા માટે તેમાં સમાયેલ દરેક શબ્દનું બહુવચન કરવાનું રહે છે.'' **e. g. :**

| Singular | Plural |
|---|---|
| a man-servant (અ મેન-સર્વન્ટ) નોકર | men-servants (મેન-સર્વન્ટ્સ) નોકરો |
| a woman-servant (અ વુમન-સર્વન્ટ) નોકરાણી | women-servants (વીમેન-સર્વન્ટ્સ) નોકરાણીઓ |
| a woman-doctor (અ વુમન-ડોક્ટર) સ્ત્રી દાકતર | women-doctors (વીમેન-ડોક્ટર્સ) સ્ત્રી દાકતરો |
| a woman-student (અ વુમન-સ્ટુડન્ટ) વિદ્યાર્થીની | women-students (વીમેન-સ્ટુડન્ટ્સ) વિદ્યાર્થીનીઓ |
| a lord-justice (અ લોર્ડ-જસ્ટીસ) ન્યાયાધીશ | lords-justices (લોર્ડ્ઝ-જસ્ટીસીઝ) ન્યાયાધીશો |

❖ **Rule No.15:** ''જે સંયુક્ત નામો મુખ્ય શબ્દની પાછળ 'ful' લગાડીને બનેલાં હોય અથવા જે સંયુક્ત નામોમાં મુખ્ય શબ્દ કોઈ ક્રિયાપદ હોય તેમનું બહુવચન નામના અંતે 's' લગાડવાથી બને છે.''

**e. g. :**

| **Singular** | **Plural** |
|---|---|
| a hold up (અ હોલ્ડ અપ) લૂંટ | hold ups (હોલ્ડ અપ્સ) લૂંટો |
| a basketful (અ બાસ્કેટફૂલ) ભરેલી ટોપલી | basketfuls (બાસ્કેટફૂલ્સ) ભરેલી ટોપલીઓ |
| a handful (અ હેન્ડફૂલ) મુઠ્ઠી | handfuls (હેન્ડફૂલ્સ) મુઠ્ઠીઓ |
| a mouthful (અ માઉથફૂલ) કોળિયો | mouthfuls (માઉથફૂલ્સ) કોળિયા |

❖ **Rule No.16 :** ''કેટલાંક નામો એવાં છે કે જે હંમેશા બહુવચનમાં જ વપરાય છે, જે નીચે મુજબ છે.''

**e. g. :**

| | |
|---|---|
| scissors (સિઝર્સ) કાતર | trousers (ટ્રાઉઝર્ઝ) પાયજામો |
| sweepings (સ્વીપિંગ્ઝ) કચરો | tongs (ટોગ્ઝ) ચીપિયો |
| spectacles (સ્પેક્ટેકલ્સ) ચશ્માં | leavings (લીવિંગ્ઝ) એંઠવાડ |

❖ **Rule No.17 :** ''કેટલાંક નામો એવાં છે કે જેમાં OR જેને બહુવચન લાગે છે, પરંતુ તે એકવચનમાં જ વપરાય છે અને તેમનું બહુવચન થતું નથી.''

**e. g. :**

| | |
|---|---|
| Mathematics (મેથિમેટિક્સ) ગણિતશાસ્ત્ર | Economics (ઈકોનોમિક્સ) અર્થશાસ્ત્ર |
| Maths (મેથ્સ) ગણિત | Civics (સિવિક્સ) નાગરિકશાસ્ત્ર |
| Physics (ફિઝિક્સ)ભૌતિકશાસ્ત્ર | Ethics (એથિક્સ) નીતિશાસ્ત્ર |
| Mechanics (મિકેનિક્સ) યંત્રશાસ્ત્ર | News (ન્યૂઝ) સમાચાર |
| Politics (પોલિટિક્સ) રાજકારણ, રાજનીતિશાસ્ત્ર | wages (વેજીસ) વેતન |

